# સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

## સુમુલ ડેરી, સુરત

Financial strength Highest
CRISIL A+/AA+Stable
Operating Performance Highest

International Year of Cooperatives 2025
Cooperatives Build a Better World

# ૭૪મો
# વાર્ષિક અહેવાલ
## વર્ષ ૨૦૨૪-૨૫





ઈન્ડિયન ડેરી એસોસિએશન વેસ્ટ ઝોન દ્વારા નાગપુર ખાતે કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈ-વે મંત્રીશ્રી નીતિનભાઈ ગડકરીના હસ્તે સુમુલ ડેરીના નવી પારડી યુનિટને બેસ્ટ ડેરીનો મળેલ પ્રથમ ક્રમનો પુરસ્કાર સ્વીકરતા સુમુલ ડેરીના પ્રમુખશ્રી માનસિંહભાઈ કે.પટેલ અને ઉપપ્રમુખશ્રી રાજેશભાઈ કે. પાઠક તેમજ નિયામક મંડળના સભ્યશ્રીઓ.




ઈન્ડિયન ડેરી એસોસિએશન દ્વારા મુંબઈ ખાતે સુમુલ ડેરીના નવી પારડી યુનિટને દૈનિક પાંચ લાખ લિટર પ્રોસેસિંગ ક્ષમતામાં મળેલ પ્રથમ ક્રમનો પુરસ્કાર સ્વીકરતા સુમુલ ડેરીના પ્રમુખશ્રી માનસિંહભાઈ કે. પટેલ અને ઉપપ્રમુખશ્રી રાજેશભાઈ કે. પાઠક તેમજ નિયામક મંડળના સભ્યોશ્રીઓ.

## સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
## પો.બો.નં ૫૦૧ સુમુલ ડેરી, સુરત -૩૯૫૦૦૮

### નોટીસ

આથી જણાવવાનું કે સુરત – તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, સુમુલ ડેરી, સુરત ના સભાસદો ની ૭૪મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૮ માર્ચ ૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ, સુરત. સંચાલિત શ્રીમતી એમ. એમ. ખેની ભવન, અંકુર સ્કૂલની સામે, આંબા તલાવડી, કતારગામ, સુરત. ખાતે નીચે જણાવેલ કામો કરવા માટે મળશે, તો તેમા મંડળીના અધિકૃત પ્રતિનિધીશ્રીને હાજર રહેવા વિનંતી છે.

### કાર્યસૂચિ

૧. ગત સાધારણ સભાની કાર્યવાહીની નોંધને વાંચનમાં લઈ બહાલી આપવા બાબત.

૨. વર્ષ ૨૦૨૪–૨૦૨૫ દરમ્યાન અંદાજપત્રમાં દર્શાવેલ જોગવાઈઓ સામે થયેલ ખરેખર ખર્ચની નોંધ લેવા બાબત.

૩. તા. ૩૧–૦૩–૨૦૨૫ ના રોજ પુરા થયેલ હિસાબી વર્ષનો નિયામક મંડળનો અહેવાલ તથા સ્પેશ્યલ ઓડીટરશ્રી (મિલ્ક), મિલ્ક ઓડીટ ઓફિસ, સુરત અને મે.કર્મા એન્ડ કુ. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ) સુરતે પ્રમાણિત કરેલું સરવૈયુ, વ્યાપાર તથા નફા નુકશાન ખાતાને બહાલી આપવા તથા નિયામક મંડળે ભલામણ કરેલ નફાની ફાળવણીને મંજુરી આપવા બાબત.

૪. સંઘનું વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ના વર્ષનું અંદાજપત્ર મંજુર કરવા બાબત.

૫. સ્પેશ્યલ ઓડીટરશ્રી ( મિલ્ક), મિલ્ક ઓડીટ ઓફિસ, સુરત અને મે.કર્મા એન્ડ કુ. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ) સુરત ના ઓડીટ રીપોર્ટ વાંચનમાં લેવા બાબત.

૬. સંઘ દ્વારા સંઘના વૈદ્યાનિક (Statutory) ઓડીટર તથા આંતરિક (Internal) ઓડીટરની નિમંણુક કરવા તથા તેઓનું મહેનતાણું નક્કી કરવા બાબત.

૭. સંઘના પેટા કાયદાની કલમ–૬ની મર્યાદામાં રહી બહારથી કરજ કરવાની હદ નકકી કરવા બાબત.

૮. પ્રમુખશ્રી અથવા તેમના તરફથી કોઈ અન્ય બાબત રજુ કરવામાં આવે તે.

સુમુલ ડેરી, સુરત.
૩૯૫ ૦૦૮

કસ્ટોડીયનશ્રીના આદેશથી...
મેનેજીંગ ડિરેકટર
સુમુલ ડેરી, સુરત

# સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

**પો.બો.નં ૫૦૧ સુમુલ ડેરી, સુરત -૩૯૫૦૦૮**

ટેલીફોન : ૨૫૩૭૬૯૩,૨૫૩૧૬૬૬,૨૫૩૧૧૩૭,૬૭૧૦૨૦૦
ફેક્ષ : ૦૨૬૧-૨૫૩૩૫૭૨
મંડળી સભાસદ : ૧૦૩૯

નોધણી ક્રમાંક : પી.ડી.૬૮૮ તા. ૨૨-૮-૫૧
ઓડીટ વર્ગ : અ


## નિયામક મંડળ : ૨૦૨૪-૨૦૨૫



**શ્રી માનસિંહભાઈ કલ્યાણજીભાઈ પટેલ – પ્રમુખ**
પ્રતિનિધિ, વાંસકુઈ દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો વાંસકુઈ,
તા. મહુવા, જી. સુરત



**શ્રી રાજેશકુમાર કાંતિલાલ પાઠક – ઉપપ્રમુખ**
પ્રતિનિધિ, મોસાલી દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો મોસાલી,
તા. માંગરોળ, જી. સુરત



**શ્રી નરેશભાઈ ભીખાભાઈ પટેલ**
પ્રતિનિધિ, બુટવાડા દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો બુટવાડા,
તા. વાલોડ, જી. તાપી



**શ્રી જયેશભાઈ નટવરભાઈ પટેલ**
પ્રતિનિધિ, દેલાડ દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો દેલાડ,
પો. સાયણ તા. ઓલપાડ, જી. સુરત



**શ્રી ભરતભાઈ સુદામભાઈ પટેલ**
પ્રતિનિધિ, વેલ્દા દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો વેલ્દા,
તા. નિઝર, જી. તાપી



**શ્રી બળવંતભાઈ મોરારભાઈ પટેલ**
પ્રતિનિધિ, ચોર્યાસી દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો ચોર્યાસી,
તા. કામરેજ, જી. સુરત



**શ્રી રીતેષભાઈ અમરસિંહ વસાવા**
પ્રતિનિધિ, વાડી દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો વાડી,
તા. ઉમરપાડા, જી. સુરત



**શ્રી સંદિપભાઈ જયંતિલાલ દેસાઈ**
પ્રતિનિધિ, કનકપુર-કનસાડ દૂધ ઉ.સં.મં. લિ.
મુ.પો કનસાડ ખડકી ફળિયુ, તા. ચોર્યાસી, જી. સુરત



**શ્રી ભરતસિંહ ગુમાનસિંહ સોલંકી**
પ્રતિનિધિ, ખરભાસી-ડાંભા દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો ડાંભા,
તા. પલસાણા, જી. સુરત



**શ્રી સુનિલભાઈ રતનજીભાઈ ગામીત**
પ્રતિનિધિ, જામકી દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો જામકી,
તા. ઉચ્છલ, જી. તાપી



**શ્રી જીતેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ**
પ્રતિનિધિ, બામણી દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો બામણી,
તા. બારડોલી, જી. તાપી (તા.૦૬-૦૮-૨૦૨૪ થી)



**શ્રી સિધ્ધાર્થભાઈ અમરસિંહભાઈ ચૌધરી**
પ્રતિનિધિ, જેસીંગપુરા દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો જેસીંગપુરા,
તા. વ્યારા, જી. તાપી



**શ્રી શૈલેષભાઈ વિરસીંગભાઈ પટેલ**
પ્રતિનિધિ, બહેડા રાયપુરા દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો બહેડા-રાયપુરા,
તા. ડોલવણ, જી. તાપી

# નિયામક મંડળ : ૨૦૨૪–૨૦૨૫



**શ્રી રેસાભાઈ વસાભાઈ ચૌધરી**

પ્રતિનિધિ, સઠવાવ દૂધ ઉ.સં.મ.લિ. મુ.પો સઠવાવ,
તા. માંડવી, જી. સુરત



**શ્રી કાંતીભાઈ રેશમાભાઈ ગામીત**

પ્રતિનિધિ, ડોસવાડા દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો ડોસવાડા,
તા. સોનગઢ, જી. તાપી



**શ્રી સંજયભાઈ બબનભાઈ સૂર્યવંશી**

પ્રતિનિધિ, પાટી ગાડીદ દૂધ ઉ.સં.મં. લિ. મુ.પો પાટી ગાડીદ,
તા. કુકરમુંડા, જી. તાપી



**શ્રી નવીનકુમાર**

પ્રતિનિધિ, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ
આણંદ



**શ્રી અતુલ અગ્રવાલ**

પ્રતિનિધિ, ગુજરાત કો.ઓપ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન
લિમિટેડ, આણંદ



**શ્રી હિમાંશુ ભટ્ટ**

પ્રતિનિધિ, ગુજરાત કો.ઓપ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન
લિમિટેડ, આણંદ



**શ્રી હરેશભાઈ દીનેશભાઈ કાછડ**

જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ
પ્રતિનિધી, રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજય



**શ્રી ધ્રુવિનભાઈ એમ. પટેલ**

શ્રી સ્પેશયલ ઓડિટર (મિલ્ક), મિલ્ક ઓડીટ
ઓફિસ સુરત



**સી.એ રાકેશ જે. કોટડીયા**

કર્મા એન્ડ કું એલ.એલ.પી (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ)
સી.એ રાકેશ જે. કોટડીયા–પાર્ટનર
પેઢી નોંધણી નં. ૧૨૭૫૪૪W / W૧૦૦૩૭૬
સં.નં ૧૨૪૧૩૪ પેનલ નં SUR/CA FIRM/15



**શ્રી હેમંતભાઈ આર. પટેલ**

કસ્ટોડીયનશ્રી તા. ૧૩/૦૮/૨૦૨૫



**શ્રી અરૂણ એચ. પુરોહિત**

એક્ષ ઓફિસીયો, મેમ્બર સેક્રેટરી
મેનેજીંગ ડિરેકટર સુમુલ ડેરી, સુરત.

## બેંકર્સ

સુ. ડિ. કો. બેંક સ્થાપના : ૧૯૦૯ | SBI | AXIS BANK | HDFC BANK | Union Bank of India

kotak Kotak Mahindra Bank | IndusInd Bank | ICICI Bank | FEDERAL BANK YOUR PERFECT BANKING PARTNER

## પ્રગતિ દર્શાવતી માહિતી (વિગત)

| વર્ષ | મંડળીઓ | મંડળીઓ પાસેથી મેળવેલ દૂધ (કિલો ગ્રામમાં) | દર કિલો ફેટે ચુકવેલ ભાવ | સભાસદ સંખ્યા (મંડળી) | એનીમલ હસબન્ડરી વર્કર તાલીમાર્થી સંખ્યા | કૃત્રિમ બીજદાન સંખ્યા | ગર્ભધારણ ચિકિત્સા ના કેસો | ફરતા દવાખાના ની સંખ્યા | ફરતા પશુ દવાખાના દ્વારા પશુઓની સારવાર ના કેસો | સ્પેશ્યલ વેટરનરી વિઝીટના કેસો | સુમુલ દાણ વેચાણ (મે.ટન) | થ્રીજાવેલા વિર્યદાન કેન્દ્રો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૯૬–૯૭ | ૯૧૫ | ૧૬,૦૯,૨૯,૭૩૬ | ૧૭૯.૬૮ | ૧,૯૮,૫૦૬ | ૩૪ | ૨૧,૦૬૭ | ૩૯,૯૨૧ | ૧૯ | ૨,૪૦,૧૧૭ | ૧૭,૭૫૨ | ૬૯,૨૦૨ | ૮૩ |
| ૧૯૯૭–૯૮ | ૯૪૦ | ૧૮,૭૭,૯૬,૨૯૩ | ૧૮૪.૬૭ | ૨,૦૩,૯૦૬ | ૦૮ | ૨૨,૮૦૭ | ૪૯,૦૪૭ | ૧૯ | ૩,૧૩,૩૧૧ | ૨૧,૧૨૮ | ૮૨,૫૯૭ | ૮૯ |
| ૧૯૯૮–૯૯ | ૯૫૩ | ૧૭,૭૫,૩૫,૯૮૦ | ૧૯૫.૦૦ | ૨,૦૪,૨૦૫ | ૧૯ | ૨૩,૭૩૪ | ૫૧,૬૬૫ | ૨૧ | ૩,૩૭,૯૯૭ | ૨૭,૫૯૭ | ૮૩,૪૪૧ | ૮૯ |
| ૧૯૯૯–૦૦ | ૯૬૦ | ૧૮,૫૬,૮૧,૩૧૦ | ૧૯૯.૦૦ | ૨,૦૫,૫૪૬ | ૨૩ | ૩૩,૫૦૫ | ૫૫,૨૧૬ | ૨૧ | ૩,૭૧,૩૩૪ | ૩૦,૫૯૬ | ૮૨,૨૬૪ | ૧૦૦ |
| ૨૦૦૦–૦૧ | ૯૬૮ | ૨૦,૫૮,૪૦,૨૮૦ | ૨૦૨.૦૦ | ૨,૦૭,૨૫૮ | ૨૫ | ૪૫,૩૯૧ | ૪૧,૪૦૮ | ૨૧ | ૪,૭૫,૭૮૧ | ૩૩,૯૮૨ | ૮૬,૮૮૬, | ૧૦૭ |
| ૨૦૦૧–૦૨ | ૯૭૭ | ૧૯,૮૧,૬૨,૬૬૯ | ૨૦૫.૦૦ | ૨,૦૯,૨૦૮ | ૫૯ | ૫૨,૨૫૧ | ૭૩,૨૭૮ | ૨૧ | ,૫,૧૪,૬૨૦ | ૩૯,૩૩૭ | ૯૬,૬૬૩ | ૧૧૫ |
| ૨૦૦૨–૦૩ | ૯૯૪ | ૨૧,૧૨,૬૩,૫૨૨ | ૨૦૭.૯૨ | ૨,૧૩,૭૧૦ | ૬૬ | ૬૬,૪૮૫ | ૮૩,૯૪૧ | ૨૨ | ૪,૯૯,૪૦૩ | ૪૨,૫૨૧ | ૯,૧૯,૦૭૪ | ૧૨૫ |
| ૨૦૦૩–૦૪ | ૧,૦૦૬ | ૨૦,૭૩,૦૨,૨૮૬ | ૨૧૬.૦૦ | ૨,૧૭,૬૧૫ | ૭૦ | ૮૩,૭૬૫ | ૯૩,૩૨૬ | ૨૧ | ૫,૯૨,૨૦૦ | ૫૫,૨૨૦ | ૧,૦૧,૪૯૨ | ૧૪૦ |
| ૨૦૦૪–૦૫ | ૧,૦૪૧ | ૨૩,૦૩,૯૨,૪૩૩ | ૨૨૭.૦૦ | ૨,૧૮,૯૭૫ | ૮૬ | ૧,૨૩,૪૩૫ | ૯૪,૪૦૦ | ૨૨ | ૫,૦૬,૮૯૭ | ૬૧,૨૯૯ | ૯૯,૯૭૨ | ૧૬૨ |
| ૨૦૦૫–૦૬ | ૧,૦૪૮ | ૨૫,૧૭,૪૬,૬૨૯ | ૨૩૩.૦૦ | ૨,૨૧,૦૫૭ | ૧૨૭ | ૧,૪૦,૧૨૦ | ૧,૧૮,૩૦૪ | ૨૨ | ૪,૪૮,૭૯૭ | ૭૯,૯૫૩ | ૧,૦૬,૪૯૧ | ૧૬૫ |
| ૨૦૦૬–૦૭ | ૧,૦૫૧ | ૨૪,૦૭,૮૪,૧૬૭ | ૨૫૩.૦૦ | ૨,૨૨,૨૦૭ | ૧૩૭ | ૧,૬૪,૮૬૨ | ૧,૩૯,૮૯૪ | ૨૨ | ૪,૪૧,૧૦૫ | ૬૬,૮૦૬ | ૧,૨૫,૮૦૬ | ૧૭૬ |
| ૨૦૦૭–૦૮ | ૧,૦૫૫ | ૨૪,૩૩,૩૭,૦૨૧ | ૨૯૫.૦૦ | ૨,૨૩,૨૦૭ | ૧૦૬ | ૧,૯૪,૩૨૫, | ૧,૬૩,૪૯૫ | ૨૨ | ૪,૮૮,૬૨૮ | ૯૬,૬૦૨ | ૧,૧૫,૮૬૧ | ૨૦૧ |
| ૨૦૦૮–૦૯ | ૧,૦૬૩ | ૨૮,૨૮,૭૦,૮૭૬ | ૩૧૮.૦૦ | ૨,૨૪,૪૩૭ | ૬૦ | ૨,૩૮,૧૪૨ | ૧,૭૮,૭૪૧ | ૨૨ | ૫,૪૯,૨૮૫ | ૧,૧૫,૧૫૪ | ૧,૩૧,૧૦૦ | ૨૨૬ |
| ૨૦૦૯–૧૦ | ૧,૦૬૮ | ૨૯,૫૦,૬૯,૧૬૨ | ૩૫૦.૦૦ | ૨,૨૫,૩૮૯ | ૮૦ | ૨,૭૦,૭૧૪ | ૨,૧૧,૪૮૭ | ૨૨ | ૬,૧૪,૪૫૬ | ૧,૩૬,૧૦૪ | ૧૩૯,૨૫૪ | ૨૪૩ |
| ૨૦૧૦–૧૧ | ૧,૦૬૮ | ૨૯,૬૪,૫૬,૦૬૯ | ૪૧૦.૦૦ | ૨,૨૮,૧૬૮ | ૪૪ | ૩,૧૮,૩૫૨ | ૨,૫૨,૮૫૩ | ૨૨ | ૫,૫૬,૯૫૧ | ૧,૨૫,૮૨૭ | ૧,૪૦,૪૩૮ | ૨૫૫ |
| ૨૦૧૧–૧૨ | ૧,૦૭૬ | ૩૨,૬૦,૮૩,૯૯૦ | ૪૮૫.૦૦ | ૨,૨૮,૯૨૪ | ૭૩ | ૩,૫૨,૩૮૧ | ૨,૯૧,૧૪૨ | ૨૨ | ૪,૭૪,૪૦૬ | ૧,૩૭,૫૮૫ | ૧,૫૦,૩૮૫ | ૨૬૨ |
| ૨૦૧૨–૧૩ | ૧,૦૮૦ | ૩૯,૭૯,૯૮,૬૬૯ | ૫૧૧.૦૦ | ૨,૨૯,૪૫૬ | ૧૦૩ | ૩,૯૩,૩૮૮ | ૧,૮૧,૯૦૬ | ૨૩ | ૫,૫૧,૮૧૯ | ૧,૩૫,૪૯૯ | ૧,૬૩,૩૫૬ | ૨૭૯ |
| ૨૦૧૩–૧૪ | ૧,૦૯૫ | ૩૯,૦૩,૨૦,૧૦૭ | ૫૬૮.૦૦ | ૨,૩૦,૪૦૬ | ૧૨૧ | ૪,૦૧,૧૩૩ | ૩,૨૮,૫૪૭ | ૨૩ | ૪,૫૭,૭૪૧ | ૧,૨૬,૦૬૩ | ૧,૩૩,૭૦૯ | ૨૯૭ |
| ૨૦૧૪–૧૫ | ૧,૧૨૫ | ૪૦,૫૧,૬૧,૫૯૬ | ૬૨૨.૫૦ | ૨,૨૨,૧૫૧ | ૧૪૪ | ૪,૪૩,૭૪૦ | ૩,૪૮,૫૨૬ | ૨૩ | ૫,૬૯,૫૬૧ | ૧,૧૯,૭૨૪ | ૧,૩૬,૩૮૪ | ૩૪૫ |
| ૨૦૧૫–૧૬ | ૧,૧૪૧ | ૫૦,૧૨,૩૮,૫૧૪ | ૬૯૧.૦૦ | ૨,૩૫,૩૦૧ | ૯૦ | ૪,૬૪,૩૦૫ | ૩,૬૧,૧૬૨ | ૨૬ | ૫,૪૪,૯૦૧ | ૧,૨૬,૬૩૯ | ૧,૩૪,૬૧૧ | ૩૯૮ |
| ૨૦૧૬–૧૭ | ૧,૧૬૪ | ૪૯,૫૬,૧૬,૬૭૯ | ૬૯૧.૬૭+૩૩.૩૩ | ૨,૩૮,૪૪૩ | ૮૬ | ૪,૨૫,૯૮૩ | ૩,૫૩,૩૨૮ | ૨૬ | ૪,૭૬,૦૮૨ | ૧,૬૨,૩૬૨ | ૧,૪૭,૪૬૯ | ૩૯૪ |
| ૨૦૧૭–૧૮ | ૧,૧૭૩ | ૫૭,૫૩,૯૫,૫૧૦ | ૭૨૪.૧૭ | ૨,૪૦,૩૮૨ | ૬૭ | ૩,૦૮,૬૧૮ | ૨,૬૩,૧૩૭ | ૨૬ | ૪,૨૩,૩૭૩ | ૧,૫૨,૦૨૨ | ૧,૭૪,૨૫૬ | ૪૧૭ |
| ૨૦૧૮–૧૯ | ૧,૧૮૪ | ૬૦,૨૮,૨૪,૨૭૯ | ૭૧૪.૩૧ | ૨,૪૬,૭૫૭ | ૬૯ | ૩,૭૯,૧૮૬ | ૨,૭૮,૫૭૫ | ૨૬ | ૪,૧૧,૬૫૧, | ૧,૫૫,૮૧૩ | ૧,૭૧,૨૫૮ | ૪૨૭ |
| ૨૦૧૯–૨૦ | ૧,૨૦૦ | ૫૩,૯૩,૦૪,૩૩૨ | ૭૫૬.૨૫ | ૨,૪૮,૪૬૯ | ૪૬ | ૩,૯૫,૨૪૪ | ૨,૪૬,૯૯૦ | ૨૬ | ૭,૭૪,૩૮૦ | ૧,૮૫,૧૦૮ | ૧,૯૭,૫૭૫ | ૪૩૪ |
| ૨૦૨૦–૨૧ | ૧,૨૦૩ | ૬૨,૧૪,૩૮,૬૧૩ | ૭૭૨.૬૭ | ૨,૪૯,૭૦૫ | ૪૪ | ૪,૪૮,૫૫૯ | ૨,૭૪,૫૦૫ | ૨૬ | ૩,૯૪,૬૪૩ | ૧,૬૧,૨૮૭ | ૧,૪૯,૬૭૮ | ૪૩૫ |
| ૨૦૨૧–૨૨ | ૧,૨૦૮ | ૬૪,૮૮,૮૩,૬૨૯ | ૭૮૭.૦૦ | ૨,૫૦,૨૫૨, | ૪૪ | ૪,૫૫,૬૬૮ | ૨,૭૮,૨૮૩ | ૨૭ | ૩,૯૮,૩૮૧ | ૨,૬૯,૦૯૭ | ૧,૬૮,૭૯૪ | ૪૩૮ |
| ૨૦૨૨–૨૩ | ૧,૨૧૩ | ૭૦,૦૯,૮૪,૪૪૯ | ૮૭૧.૫૦ | ૨,૫૧,૦૦૨ | ૪૪ | ૪,૭૩,૬૨૭ | ૩,૦૪,૯૮૩ | ૨૮ | ૪,૩૮,૬૬૫ | ૩૦૦,૯૫૨ | ૧,૮૨,૧૭૮ | ૪૬૪ |
| ૨૦૨૩–૨૪ | ૧,૨૧૫ | ૮૮,૪૬,૨૬,૩૪૦ | ૯૩૫.૫૬ | ૨,૫૧,૨૯૨ | ૨૨ | ૪,૮૫,૨૭૫ | ૩,૨૩,૮૩૨ | ૨૮ | ૪,૪૭,૧૨૪ | ૩,૩૪,૩૨૭ | ૧,૮૩,૩૧૯ | ૫૦૧ |
| ૨૦૨૪–૨૫ | ૧,૨૨૦ | ૮૦,૨૬,૪૪,૨૨૦ | ૯૬૬.૩૯ | ૨,૫૧,૬૨૫ | ૪૩ | ૪,૯૪,૩૪૯ | ૩,૩૬,૯૩૮ | ૨૮ | ૪,૪૩,૯૭૬ | ૩,૪૧,૫૨૫ | ૧,૯૫,૦૧૩ | ૫૦૭ |



## પ્રમુખશ્રી નું નિવેદન :

**વ્હાલા સહકારી બંધુઓ**

આપણી સુમુલ ડેરી, સંઘની ૭૪ મી વાર્ષિક સાધારણ સભામાં ઓડીટરશ્રીએ પ્રમાણિત કરેલા અને નિયામક મંડળના સભ્યો દ્વારા મંજુર થયેલા વર્ષ ૨૦૨૪–૨૦૨૫ ના હિસાબો, અહેવાલ, અને વર્ષ દરમ્યાન થયેલ કામકાજ અને વિવિધ વિકાસલક્ષી પ્રવૃતિઓનો અહેવાલ આપ સૌ દૂધ ઉત્પાદકો સમક્ષ રજુ કરતા ખુબ જ આનંદની લાગણી અનુભવુ છું.

સહકારના સિધ્ધાંતોને સાકાર કરવા આપણા દ્વારા વિકસાવેલી સુવિધાઓ જેવી કે ગામમાં દૂધ મંડળી, દૂધ મંડળીઓમાં એ.એમ.સી.એસ, બીસીયુ, સોલાર વગેરેનું આધુનિકરણ, દૂધના પરિવહન માટે માઈક્રોરૂટ તથા ટેન્કર રૂટ, દૂધ મંડળીઓનું સુપરવિઝન, ડેરી પ્લાન્ટ પ્રોસેસીંગ ના યુનિટો, ઉત્પાદનો વધારવા માટે આપણી વહીવટી વ્યવસ્થા, સુચારૂ સંચાલન માટે વિવિધ સેમીનારો, તાલીમો અને પશુપાલન ને પૂરક જરૂરી આવશ્યક સેવાઓ, આનુસંગીક સેવાઓ મંડળી અને મંડળી સાથે સંકળાયેલા દૂધ ઉત્પાદકો અને ગ્રાહકો સુધી પહોચાડવામાં સફળ રહયા છે. દૂધ મંડળીના સુચારૂ વહીવટ માટે ફેડરેશનના સહયોગ થી દૂધ મંડળીઓના વહીવટકર્તા કમિટીસભ્યો માટેના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. જેનાથી દૂધ મંડળીઓના વહીવટમાં સુધારો તેમજ તેમના જ્ઞાનમાં વધારો જોવા મળેલ છે.

દૂધ વ્યવસાયના વિકાસ માટે સતત ચોથા વર્ષે સંઘ દ્વારા વ્યાજ રહિત '' સુમુલ – સુ.ડી.કો દૂધ ગંગા પશુલોન યોજના '' પણ ચાલુ રાખેલ છે. તેમજ પશુપાલકોના ઘરે જ ઉચ્ચજનીક ગુણવત્તાવાળી વાછરડી/પાડીનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર થાય તે માટે ''વાછરડી/પાડી ઉછેર કાર્યક્રમ અમલીકૃત કરેલ છે.

સુમુલ સંઘની વિવિધ યોજનાઓ, સરકારશ્રી દ્વારા અમલીકૃત વિવિધ યોજનાઓ અને જરૂર જણાય ત્યા સહકારી બેંકો ને સાથે રાખી, સંકલન કરી વિવિધ યોજનાઓને આપ સૌના સહકારથી સારી રીતે અમલીકરણ કરવામાં આવેલ છે તેના લાભ દૂધ ઉત્પાદકોને મળેલ છે.

'' તંદુરસ્ત પશુ '' એટલે મહતમ દૂધ ઉત્પાદન ના અભિગમ થી સુમુલ ડેરી દ્વારા સામૂહિક કૃમિ નિવારણ અભિયાન તથા સામૂહિક રસીકરણ અભિયાન તેમજ બિમાર પશુ માટે ગુણવત્તાસભર પશુસારવાર ૨૪ કલાક મળી રહે તેવી વ્યવસ્થા કરેલ છે તેમજ કૃત્રિમ બિજદાન સેવા અંતર્ગત સેકસ સીમેન તથા એમ્બ્રીઓ ટ્રાન્સફર ટેકનીક જેવી નવીનત્તમ પધ્ધતિ નો અમલ કરેલ છે.

પશુ પોષણને પ્રાથમિકતા આપી પશુઓ માટે સહાયથી સાઈલેજ પુરૂ પાડવા નમ્ર પ્રયાસ હાથ ધરેલ છે. આ ઉપરાંત સુમુલ દાણનો વપરાશ વધે તે માટે સભાસદોમાં જાગૃતિ લાવવા મંડળી માથી સભાસદો ને સુમુલ દાણ ફેકટરી રૂબરૂ મુલાકાત કરાવવા માટેની પ્રવાસની યોજના અમલીકૃત્ત કરેલ છે. તેમાં પણ આપના તરફથી ખુબ જ સારો પ્રતિસાદ મળેલ છે.

પશુપાલન ના વ્યવસાય માંથી દૂધ ઉત્પાદન મેળવી તેની આવકની સાથે વ્યવસાય ના મૂલ્યવર્ધન માટે દૂધ ઉત્પાદકો પશુના ગોબરનો ઉપયોગ કરી જૈવિક ખાતર બનાવે, ગોબરનો ઉપયોગ બાયોગેસ માં કરી અને અન્ય ખર્ચમાં ઘટાડો કરી શકે, પર્યાવરણમાં મદદરૂપ થઈ શકે તે માટે ગેસપ્લાન્ટ ની યોજના થકી વર્ષ દરમ્યાન ૧૮૦૦ કુટુંબો ને ફેમેલી સાઈઝના બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે તેમાં આપનો ખુબ સારો સહકાર મળેલ છે. ચાલુ વર્ષે પણ તેજ યોજનામાં સરકારશ્રી એ પણ સહભાગી થવા તૈયારી દર્શાવી છે તેથી ચાલુ વર્ષ પણ તેનો લાભ આપ સૌને મળી શકે છે.

દૂધ મંડળીઓના વીજળીના આર્થિક ભારણને ઓછુ કરવા બીસીયુ ધરાવતી મંડળીઓને '' રૂફ ટોપ સોલાર પ્લાન્ટ '' ની સ્થાપનામાં જરૂરી માર્ગદર્શન આપી જરૂરી મદદરૂપ થઈ મંડળીઓમાં તેવા સોલાર પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે. આપણી કાર્ય પધ્ધતિ થી પ્રેરણા લઈ સરકારશ્રી પણ આગળ આવી છે. અને દૂધ મંડળીઓ માટે ટ્રાયબલ વિભાગમાંથી સહાયકારી યોજના બનાવી છે જેનો ચાલુ વર્ષે આપને લાભ મળેલ છે. અને મંડળીઓ આર્થિક રીતે સક્ષમ બની શકશે. અને આશા છે કે આગામી વર્ષમાં પાછી આ યોજના નું અમલીકરણ ચાલુ રહે.

દૂધ મંડળી અને દૂધ ઉત્પાદકોના વિકાસને ધ્યાનમાં રાખી અન્ય વિવિધલક્ષી યોજનાઓ અમલ માં મૂકી વર્ષ ૨૬–૨૭ માં દૈનિક ૨૫ લાખ લીટર દૂધ સંપાદન ના લક્ષ્યાંકો ને હાંસલ કરવા અને આગામી વર્ષોમાં દૂધ ઉત્પાદન ની પ્રવૃતિઓમાં સભાસદો ની સામેલગીરી વધે અને દૂધ ઉત્પાદન માં વધારો થાય અને આર્થિક રીતે સક્ષમ બને તેવા લક્ષ્યાંકો નું આયોજન કરવામાં આવેલ છે. તેમાં આપ સૌ ભાગીદાર બનો તેવી વિનંતી.

સાથે સાથે ચાલુ વર્ષે તા.૦૧–૦૪–૨૦૨૪ થી દૂધ ભરતા સભાસદો–બિન સભાસદો માટે ''સભાસદ સુરક્ષા વીમા યોજના'' અમલી બનાવી હતી તે ચાલુ વર્ષે પણ અમલીકરણ ચાલુ રાખેલ છે. તેમા કુલ ૨૦ કુટુંબોને સીધા તેમના દુઃખમાં મદદરૂપ બન્યા છીએ અને આ વર્ષે પણ યોજના ચાલુ રાખેલ છે. આ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા સભાસદ ને અકસ્માત થી મૃત્યુના સમયે મદદરૂપ થવા સુમુલ મેનેજમેન્ટ દ્વારા સંઘે પોતાની યોજના અમલી બનાવી છે.

# ૭૪મો વાર્ષિક અહેવાલ ૨૦૨૪-૨૫

દૂધ અને દૂધની બનાવટોના ગ્રાહકલક્ષી અભિગમ થકી વેચાણ વૃધ્ધિને નવી નવી પ્રોડકટો અમલમાં મુકી, તથા સંઘ માં પ્લાન્ટ વિભાગમાં નવીનીકરણ તથા પ્લાન્ટની ક્ષમતામાં વધારો કરવા પ્રાથમિકતા આપવા સંઘ કક્ષાએ વિવિધ પ્રોજેકટ અમલમાં મુકેલ છે તથા સુદ્રઢ વેચાણ વ્યવસ્થાને પ્રાથમિકતા આપવામાં આવેલ છે.

વર્ષ દરમ્યાન ના દરેક વિભાગનામાં, દરેક પ્લાન્ટોમાં નવીનીકરણ અને નવા દ્રષ્ટિકોણનના ઉપયોગના કારણે વર્ષ દરમ્યાન અન્ય સંસ્થાઓ દ્વારા અલગ અલગ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે તે આપ સૌ સભાસદો ને સમર્પિત કરતાં આનંદ ની લાગણી અનુભવુ છુ.

**૧.૦ સંઘ સભાસદ :**

હિસાબી વર્ષ અંતે સંઘ સંયોજીત થયેલ પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની સંખ્યા ૧૦૩૯ થયેલ છે.

**૨.૦ નિયામક મંડળ :**

નિયામક મંડળના સભ્યોની અવધી તા. ૦૬-૦૮-૨૦૨૫ રોજ પૂરી થાય છે જે બાબતની જાણ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ સુરતને કરેલ છે. બારડોલી તાલુકાની ખાલી પડેલ જગ્યા ચાલુ વર્ષે ભરવામાં આવેલ છે.

**૩.૦ વ્યાપાર અને નાણાકીય સ્થિતી :**

સંઘનો કુલ વેપાર ઉથલો રૂા. ૬,૨૭૬ કરોડ (વેચાણ, અન્ય આવક અને સ્ટોક સાથે) નોંધાયેલ છે, સંઘનું કુલ વેચાણ રૂા. ૫,૭૭૪ કરોડ નોંધાયેલ છે. રૂા. ૯૮૪૫ લાખ ઘસારો જોગવાઈ કર્યા બાદ સને ૨૦૨૪-૨૫ ના હિસાબી વર્ષને અંતે સંઘે રૂા. ૧૦,૯૩,૫૬,૬૩૪ ચોખ્ખો નફો કર્યો છે.

નિયામક મંડળે સહકારી કાયદાની જોગવાઈની મર્યાદામાં રહી ૨૦ ટકા ડીવીડન્ડ વહેંચવાની ભલામણ કરી છે.

**૪.૦ અન્વેષણ :**

સતત અને સમવાયી ઓડિટ યોજના હેઠળ સંઘ અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના ઓડિટની કામગીરી રાજય સરકારે સ્થાપેલા ઓડિટ બોર્ડ દ્વારા કાર્યરત છે

**૫.૦ દૂધ સંપાદન :**

આપણા સંઘ દ્વારા પશુ દિઠ દૂધ ઉત્પાદન વધારવાના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે જેથી અહેવાલના વર્ષ દરમ્યાન કુલ ૮૦,૨૬,૪૪,૨૨૦ કિલો દૂધ સંપાદન થયેલ છે. અહેવાલના વર્ષ દરમ્યાન જુદી જુદી યોજના હેઠળ યોગ્યતા ધરાવતી મંડળીઓને રૂા. ૨૦૦.૭૬ કરોડ જેટલી સહાયનો લાભ પણ આપવામાં આવેલ છે. (બી.સી.યુ. ધરાવતી દૂધ મંડળીઓને બીસીયુ ફેટ તફાવતની રકમ પેટે રૂા. ૧૦૧.૬૫ કરોડ જેટલી માતબર રકમ ચુકવેલ છે.)

વધુમાં તમામ પશુપાલકોને જણાવતા આનંદ થાય છે કે ગત વર્ષની સરખામણીમાં આહેવાલ વર્ષ દરમ્યાન ઉત્પાદકો ને પ્રતિ કિલોફેટના ભાવ રૂા. ૯૬૬.૩૯ ચુકવેલ છે. જે ગત વર્ષની સરખામણીમાં ૩.૨૯ ટકા વધુ એટલે કે રૂા.૩૦.૮૩ વધુ છે, તેમજ સંઘ તરફથી બી.સી.યુ. ફેટફેર પેટે રૂા. ૩૩.૯૭ પ્રતિ કિલોફેટ આપી શકયા છીએ. અને સંઘનો ચોખ્ખો નફો રૂ. ૧૦,૯૩,૫૬,૬૩૪ થવા પામેલ છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૦૨૪ | ૨૦૨૪-૨૦૨૫ |
|---|---|---|---|
| ૧ | ગાયનું દૂધ કિલો ગ્રામ | ૫૭,૬૦,૦૭,૭૪૦.૦૦ | ૪૫,૦૭,૭૭,૫૩૨.૦૦ |
| ૨ | ભેંસનું દૂધ કિલો ગ્રામ | ૩૦,૮૬,૧૮,૬૦૦.૦૦ | ૩૫,૧૮,૬૬,૬૮૮.૦૦ |
| ૩ | કુલ દૂધ કિલો ગ્રામ | ૮૮,૪૬,૨૬,૩૪૦.૦૦ | ૮૦,૨૬,૪૪,૨૨૦.૦૦ |
| ૪ | કુલ કિલો ફેટ | ૪,૩૮,૧૪,૭૪૩.૯૪ | ૪,૨૧,૦૭,૨૬૧.૭૨ |
| ૫ | કુલ કિલો એસ.એન.એફ | ૭,૬૭,૬૦,૨૭૩.૮૫ | ૭,૦૦,૧૫,૮૯૫.૬૨ |



## ૬. માર્કેટીંગ / સેલ્સ :

### સુમુલ ડેરી, સુરત તેમજ GCMMF થકી થયેલ વેચાણની વિગત

| ક્રમ | વિગત | ૨૦૨૪-૨૦૨૫ (લીટર / કિ.ગ્રા) | % માં વૃદ્ધિ |
|---|---|---|---|
| ૧ | સુરત શહેર માં દૂધનું વેચાણ | ૪૪,૨૯,૭૭,૧૯૬.૪૫ | ૦.૧૧ |
| ૨ | છાસ વેચાણ | ૧૦,૬૮,૩૮,૫૦૦.૯૪ | ૧૦.૩૪ |
| ૩ | દહીં વેચાણ | ૧,૮૬,૬૯,૪૨૦.૦૫ | ૧૬.૫૪ |
| ૪ | ઘી વેચાણ | ૪૪,૨૭,૩૯૮.૧૧ | ૦.૪૮ |
| ૫ | પનીર વેચાણ | ૨૨,૭૯,૧૯૪.૩૦ | ૧૩.૭૮ |
| ૬ | મીઠાઈ વેચાણ | ૮,૬૯,૫૦૭.૮૯ | ૮.૬૦ |
| ૭ | આઈસ્ક્રીમ વેચાણ | ૧,૨૩,૫૩,૫૨૪.૧૬ | ૯.૫૩ |
| ૮ | બેકરી વેચાણ | ૨૪,૦૭,૮૬૫.૨૭ | ૨૪.૯૫ |

અહેવાલ વર્ષ દરમ્યાન સુમુલ ડેરીએ કુલ ૬૮,૩૫,૧૦,૧૩૯ લીટર દૂધનું વેચાણ કરેલ છે, તેમજ ગત વર્ષ દરમ્યાન સુરત ના લોકલ માર્કેટમાં દૂધ, છાસ, દહી, પનીર અને મીઠાઈ ના વેચાણમાં વધારો થયેલ છે.

અહેવાલ વર્ષ દરમ્યાન મહત્તમ દૂધનું દૈનિક વેચાણ ૧૫,૨૩,૫૦૨ લીટર અને મહત્તમ છાસનું દૈનિક વેચાણ ૪,૬૨,૨૦૭ લીટર કરી શકયા હતા. વર્ષ દરમ્યાન સુરત અને તાપી શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં દૈનિક સરેરાશ ૧૨,૧૦,૩૨૦ લીટર દૂધ અને સરેરાશ ૨,૯૧,૯૦૮ લીટર છાસનું વેચાણ કરેલ છે.

અહેવાલ વર્ષ દરમ્યાન સુમુલ ડેરી દ્વારા દૈનિક સરેરાશ ૫૧,૦૦૯ કિ.ગ્રા દહી, ૧૨,૦૯૬ લીટર ઘી, ૬,૨૨૭ કિ.ગ્રા પનીર, ૨,૩૭૬ કિ.ગ્રા મિઠાઈ તેમજ ૧,૦૯૫ કિ.ગ્રા શ્રીખંડનું વેચાણ કરેલ છે.

### ૬.૧ બેકરી :

અહેવાલ વર્ષ દરમ્યાન જથ્થામાં સુમુલ અને GCMMF થઈને કુલ ૨૪૦૭.૮૬ ટન અને રૂપિયામાં કુલ ૨૯.૪૮ કરોડનો વેપાર કરેલ છે. એટલે કે ગત વર્ષ કરતા બેકરી પ્રોડકટસના વેચાણમાં જથ્થામાં ૨૪.૯૫% જેટલો વધારો જોવા મળેલ છે.

### ૬.૨ આઈસ્ક્રીમ :

અહેવાલ વર્ષ દરમ્યાન જથ્થામાં કુલ ૧,૨૩,૫૩,૫૨૪ લીટર અને રૂપિયામાં કુલ ૧૮૯.૭૫ કરોડનો વેપાર કરેલ છે, અટલે કે ગત વર્ષ કરતા આઈસ્ક્રીમના વેચાણ ના જથ્થા માં ૯.૫૩ ટકા નો વધારો જોવા મળેલ છે.

ડીસ્ટ્રીબ્યુટર તરીકે સુમુલ ડેરીએ અહેવાલ વર્ષ દરમ્યાન ૨,૦૧,૬૦૯ લીટર આઈસ્ક્રીમનું વેચાણ કરેલ છે અને અમુલના અન્ય પ્રોડકટસ મળીને કુલ ૯.૧૯ કરોડનો વેપાર કરી શકયા છે.

### ૬.૩ સુમુલ ફુડ ફેકટરી – ટેક હોમ રાશન (ચલથાણ) :

સદર પ્લાન્ટ પોષક આહાર દ્વારા કુપોષણને નાબુદ કરવા સુમુલ–અમુલ અને સંકલિત બાળ વિકાસ સેવા યોજના **(ICDS-GOG)** ના સહિયારા પ્રયત્નો દ્વારા હાથ ધરેલ, જેમાં ચાલુ વર્ષ દરમ્યાન સંઘે રૂા. ૨૯૩.૧૫ કરોડ વેચાણ કરેલ છે.

### ૬.૪ દૂધ સંજીવની યોજના :

ગુજરાત સરકારના ટ્રાયબલ સબ પ્લાન અને આઈ.સી.ડી.એસ. વિભાગો દ્વારા દૂધ સંજીવની યોજના અંતર્ગત સુરત અને તાપી જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં આવેલી આશ્રમશાળાઓ, પ્રાથમિક શાળાઓ તથા આગંણવાડીઓ તેમજ સુરત મહાનગર પાલિકાની આંગણવાડીઓમાં ભણતા બાળકોને દૂધ અપાય છે.

સદર દૂધ આશ્રમશાળાઓ, પ્રાથમિકશાળાઓ તથા આંગણવાડીઓના કુલ લાભાર્થીઓને આખુ વર્ષ અઠવાડીયાના (૫) દિવસ સુમુલ ડેરી દ્વારા પુરૂ પાડવામાં આવે છે, જે કારણે અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા કુપોષિત બાળકોને પોષણ મળી રહે છે.

| સુરત/તાપી જીલ્લામાં વર્ષ દરમ્યાન આપેલ કુલ ૨૦૦ મિ.લી પાઉચની સંખ્યા | વર્ષ દરમ્યાન આપેલ કુલ દૂધ (લીટર) | વર્ષ દરમ્યાન સરકારશ્રી તરફથી મંજુર થયેલા નાણા (રૂા. પૈસા.) |
|---|---|---|
| ૨,૭૮,૧૯,૯૨૯ | ૫૫,૬૩,૯૮૫.૮૦ | ૨૯,૧૫,૧૪,૨૬૨.૭૨ |

**૬.૫ સુમુલ ડેરીની વીઝીટ :**

સુરત અને તાપી શહેર ના તથા ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાંથી કુલ ૫૦૨ શાળાઓ / મંડળીઓના ૩૯,૨૨૨ બાળકો અને સભાસદોએ સુમુલ ડેરીની મુલાકાત લઈ દૂધની પ્રોડકટ અંગેની માહિતીઓ આપી હતી.

**૭.૦ દૂધ ઉત્પાદકો અને દૂધ મંડળીના વિકાસ લક્ષી કાર્યક્રમો :**

**૭.૧ ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટમ (AMCS)**

મંડળી કક્ષાએ સ્વચ્છ અને ઉત્તમ કક્ષાનું દૂધ એકત્ર કરવાના ઉદ્દેશ સાથે દૂધ એકત્રિકરણ દરમ્યાન સભાસદે પુરા પાડેલા દૂધનો ફેટ, ઘનતત્વ, જથ્થો અને કિંમતની વિગત દર્શાવતી દૂધની નોંધણીવાળી પાવતી અને S.M.S તરત જ મળી રહેતા વિશ્વસનીયતા વધે તેવા શુભ આશયથી દૂધ મંડળીની કક્ષાએ '' ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટમ '' ગોઠવવામાં આવેલ છે, તેમજ મંડળીની તમામ હિસાબી કામગીરીની આધુનિક સુવિધા વાળુ સોફટવેર કોમ્પ્યુટરમાં પુરૂ પાડવામાં આવેલ છે. તથા મંડળીમાં દૂધ ભરતા સભાસદોને માસનાં અંતે તેના દૂધનો હિસાબ કોમ્પ્યુટર દ્વારા કરવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. સાથે સાથે ૩૧-૦૩-૨૦૨૫ સુધીમાં ફેટ અને ઘનતત્વોની ચકાસણી કરી શકાય તે માટે ૧૧૧૬ મંડળી પર ૨૦૬૮ મિલ્ક એનેલાઈઝર મુકવામાં આવેલ છે.

બલ્ક ચીલીંગ યુનિટ ધરાવતી મંડળી તથા કેન ધરાવતી મંડળીના દૂધ સંપાદનની વિગત અત્રે તાત્કાલીક મળી રહે તે માટે ૧૧૭૦ મંડળીઓને ઓનલાઈન કરવામાં આવેલ છે, તે મંડળીના દૂધ સંપાદનની દરેક વિગતો અત્રે જાણી શકાય છે તથા તેમના દૂધ સંપાદનના ડેટા અત્રે સ્ટોર કરવામાં આવે છે. જેથી જયારે કોઈપણ ડેટા બાબતમાં મુશ્કેલી સર્જાય તો તેની વિગત અત્રેથી મળી શકે.

દૂધ મંડળી કક્ષાએ દૂધ સંપાદન '' ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટમ '' થી કરવામાં આવે છે. તમામ દૂધ મંડળીઓમાં એક સમાન દૂધ સંપાદનની કાર્ય પધ્ધતિનું અમલીકરણ થાય તે માટે AMUL AMCS સોફટવેરનો અમલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ AMUL AMCS સોફટવેર દ્વારા જો સભાસદનો મોબાઈલ નંબર કોમ્પ્યુટરમાં નોંધ કરેલો હશે, તો તેનો S.M.S દ્વારા દરરોજ પોતાના દૂધ સંપાદનની માહિતી મળી રહશે. આ ઉપરાંત AMUL AMCS ની અલગ અલગ એપ્લીકેશન સભાસદના એનડ્રોઈડ મોબાઈલ ફોનમાં આપવામાં આવેલ છે જેના દ્વારા સભાસદ પોતાના દૂધ સંપાદનની માહિતી જયારે જોઈએ ત્યારે પોતાના મોબાઈલ ઉપર મેળવી શકે છે. સાથે સાથે AMUL AMCS માં નવુ સુધારેલુ સોફટવેર Dot NET અપડેટ કરવાની પ્રક્રિયા ચાલુ કરી છે અને અત્યાર સુધીમાં ૧૨૫૭ મંડળીમાં તેનુ અપડેશન થઈ ગયુ છે. જેમા નવા ફિર્ચસ મુકવામાં આવ્યા છે. જે મંડળી અને સંઘને ખુબ ઉપયોગી થઈ શકે છે.

| ક્રમ | વિગત | ૨૦૨૪-૨૦૨૫ |
|---|---|---|
| ૧ | ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટમ | ૧૫૦૬ |
| ૨ | વજનકાંટો અને મિલ્કો ટેસ્ટર | ૨૭ |
| ૩ | વજનકાંટો | ૧૧૫ |

**૭.૨ (અ) બલ્ક ચીલીંગ યુનિટ (BCU)**

ઉત્પાદનનાં યોગ્ય ધોરણોની જાળવણી અને તેનુ નિયમન કરવું તેમજ દૂધ એકઠુ કરવામાં ગુણવત્તા જાળવવી અને તેનુ પ્રોસેસીંગ કરવું વિગેરે બાબતે સુમુલ શ્રેષ્ઠ ગુણવત્તાનું ઉદાહરણ પુરૂ પાડયુ છે. આંતર રાષ્ટ્રીય માપદંડ પ્રમાણે દૂધ અને દૂધની બનાવટો તૈયાર કરવા માટે દૂધ મંડળી કક્ષાએથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતું દૂધ એકત્ર કરવું જરૂરી બને છે. સંઘે તે બાબતે જુદી જુદી ક્ષમતા ધરાવતા ''બલ્ક ચીલીંગ યુનિટ'' કાર્યરત કરેલ છે. મંડળી કક્ષાએ જ દૂધને ઠંડુ કરી સંઘમાં ટેન્કર મારફતે લાવી શકાય છે અને દૂધ ઉત્પાદનનાં સ્થળે જ દૂધ ઠંડુ કરવાથી દૂધની ગુણવત્તામાં સુધારો થયેલો છે તેમજ બે કે ચાર ટંકનું દૂધ એકજ ટ્રીપમાં આપણી સુવિધા અને સમય મુજબ અત્રે લાવી શકાય છે. મંડળીઓને પણ તેઓના ઈચ્છિત સમયે દૂધ એકત્ર કરી તેની જાળવણી કરી શકાય એવી ગોઠવણ કરવામાં આવી છે. દૂધને તાત્કાલીક ઠંડુ કરવાથી તેમા રહેલ માઈક્રો જીવાણુ (બેકટરીયા) ની વૃધ્ધિ અટકે છે જેથી દૂધની ગુણવંત્તા સારી રહે છે. સંઘમાં હાલમાં ૫ થી ૬ કલાકનો MBRT ધરાવતું અંદાજીત દૂધ ૮૦ થી ૯૦ % સંઘને મળે છે. જેથી આપણે ઉચ્ચ ગુણવંત્તા વાળુ દૂધ માર્કેટમાં પુરૂ પાડી શકીએ છીએ.



| વર્ષ | ગુજરાત | મહારાષ્ટ્ર | ગોવા | ટોટલ |
|---|---|---|---|---|
| ૨૦૨૩–૨૦૨૪ | ૭૪૧ | ૨૭૮ | ૧૬ | ૧૦૩૫ |
| ૨૦૨૪–૨૦૨૫ | ૭૬૫ | ૨૭૮ | ૧૫ | ૧૦૫૮ |

**૭.૨ (બ) મંડળીના ISO: 9001:2015 સર્ટીફીકેશન**

દૂધની ગુણવત્તામાં ઉત્તમ સુધારો કરવા માટે તથા મંડળીમાં વહીવટી સુધારો કરવા માટે મંડળીનાં ISO : 9001 :2008 નું આંતર રાષ્ટ્રીય ધારાધોરણવાળું પ્રમાણ પત્ર ૨૬૨ મંડળીઓએ ૨૦૧૫–૧૬ સુધી પ્રાપ્ત કરેલ હતું. વર્ષ ૨૦૧૬–૨૦૧૭ માં ISO : 9001 :2008 ની આવૃતિ અપગ્રેડ કરી ISO : 9001 :2015 માં કરેલ છે. ૨૦૨૨–૨૩ દરમ્યાન ગ્લોબલ સસ્ટેનીબીલીટી સર્ટીફિકેશન એન્ડ ઈસ્પેકશન સર્વિસીસ(GSCI) દ્વારા ૫૦૫ ISO : 9001 :2015 મંડળીઓમાં ઓડિટ કરાવી તે તમામ પ્રમાણપ્રત્ર મેળવવામાં આવ્યા છે. જે એપ્રિલ ૨૦૨૭ સુધી પ્રમાણિત રહેશે. જેમાં મંડળીના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, મંત્રી, કારોબારી સભ્યોશ્રી, મંડળીના કર્મચારી ગણ અને સભાસદોનો સદર સહકાર મળેલ છે. હાલમાં આપણા સંઘમાં નીચે જણાવેલા તાલુકા પ્રમાણે ISO : 9001 :2015 આંતર રાષ્ટ્રીય ધારાધોરણવાળું પ્રમાણપ્રત્ર ધરાવતી મંડળીઓ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ISO : 9001 :2015 પ્રમાણિત મંડળીનું નામ |
|---|---|---|
| ૧ | માંડવી | ૧૦૧ |
| ૨ | સોનગઢ | ૧૧૦ |
| ૩ | વ્યારા | ૭૨ |
| ૪ | મહુવા | ૪૧ |
| ૫ | ડોલવણ | ૪૨ |
| ૬ | વાલોડ | ૩૫ |
| ૭ | ઉમરપાડા | ૨૪ |
| ૮ | માંગરોળ | ૨૩ |
| ૯ | બારડોલી | ૨૩ |
| ૧૦ | ઉચ્છલ | ૧૮ |
| ૧૧ | કામરેજ | ૩ |
| ૧૨ | ઓલપાડ | ૪ |
| ૧૩ | આહવા–ડાંગ | ૧ |
| ૧૪ | ચોર્યાસી | ૧ |
| ૧૫ | નિઝર | ૨ |
| ૧૬ | કુકરમુંડા | ૪ |
| ૧૭ | પલસાણા | ૧ |
| | **કુલ** | **૫૦૫** |

સુમુલ સંઘના સંચાલક મંડળના સભ્યશ્રીઓએ ૩૧-૦૩-૨૦૨૨ થી આઈ.એસ.ઓ સર્ટીફિકેટ ધરાવતી તમામ મંડળીને ફુલ નહી તો ફુલની પાંખડી સ્વરૂપે પ્રોત્સાહન મળે તે માટે દરેક મંડળીને વર્ષે ૫૦૦૦ અંકે રૂપિયા પાંચ હજાર પુરા પ્રોત્સાહન તરીકે આપવાનું નકકી કરેલ છે. જે આઈ.એસ.ઓ વાળી દરેક મંડળીને ચુકવવામાં આવ્યા છે. જેના કારણે મંડળીઓને પણ પ્રોત્સાહન મળેલ છે.

આગામી ૨૦૨૪-૨૫ ના વર્ષમાં નવા બી.સી.યુ લીધા છે તેવી તમામ બી.સી.યુ વાળી મંડળીને ISO : 9001 :2015 સર્ટીફિકેશનમાં આવરી લેવાનો નિરધાર સંઘના મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલ છે. જેમા દૂધ મંડળીઓ દ્વારા યોગ્ય સહકાર મળી રહે તેવી અમારી લાગણી છે.

**૭.૨ (ક) સ્વચ્છ દૂધ ઉત્પાદન :**

દૂધએ ખાધ પદાર્થ છે તેથી તેના ઉત્પાદન, એકત્રીકરણ અને વાહનના દરેક પગલે જો પુરતી કાળજી લેવામાં નહી આવે તો તેની ગુણવત્તા ઉપર ખુબ જ માઠી અસર પડે છે. દૂધ અને દૂધની પ્રોડકટ જેવી કે ઘી, પાવડર, માખણ, પનીર, દહી, છાસ, મીઠાઈઓ વગેરે બનાવામાં આવે છે. કોઈ પણ પ્રોડકટની ગુણવત્તાનો આધાર તેની પ્રક્રિયા અને કાચા માલ ઉપર રહે છે. જો કાચો માલ સારી ગુણવત્તાવાળો હોય તો છેલ્લે તૈયાર થતો માલ સારી ગુણવત્તાવાળો જ બને છે. દૂધાળા પશુઓ દ્વારા દૂધ ઉત્પાદન કક્ષાએથી જ સ્વચ્છતાના માપદંડ જેવા કે દૂધાળા પશુની સ્વચ્છતા, તંદુરસ્ત પશુ, પશુ માવજત અને દૂધ દોહન કરનારની સ્વચ્છતા, દૂધ દોહનની જગ્યા અને પશુ કોઢારની સ્વચ્છતા, દૂધ દોહન વાસણ અને મંડળીમાં સંપાદન કરવાનાં વાસણની સ્વચ્છતા અને તમામ પ્રકિયાનો સમયગાળો ઝડપી અને સમયબદ્ધ કરવાની ફરજ ઉત્પાદકોની રહે છે, જયારે દૂધ એકત્રીકરણ જગ્યા, દૂધ લેવાના વાસણોની, બી.સી.યુ કેન્દ્રની સ્વચ્છતાની ફરજ મંડળીના સંચાલકોની રહે છે.મંડળી દ્વારા સમયસર દૂધ એકત્ર કરવામાં આવે તો દૂધની ગુણવત્તા ખુબજ સારી રહે છે. દૂધ પરીવહન સમયબદ્ધ અને સુરક્ષિત સંઘ સુધી પહોચાડવાની ફરજ સુમુલ સંઘની રહે છે. જેની સીધી અસર દૂધ ની ગુણવત્તા ઉપર થાય છે અને ગુણવત્તા જળવાઈ રહેવાથી સંઘ કક્ષાએ કરવામાં આવતી દૂધ પ્રકિયા સરળ અને ઝડપી બને છે, તેમજ દૂધ અને દૂધની " ગુણવત્તાયુકત " પ્રોડકટસ્ ગ્રાહકો સુધી પુરી પાડી શકાય છે.

આપણા માટે જેમ દૂધ ઉત્તમ આહાર છે તેમ સુક્ષ્મ જીવાણુંઓ માટે પણ ઉત્તમ આહાર છે. તેથી આવા બેકટરીયા દૂધમાં ઝડપથી વૃદ્ધિ પામે છે અને થોડાજ સમયમાં દૂધને બગડવાની પ્રકિયા ચાલુ કરે છે તેથી દૂધ બગડી જાય છે સ્વચ્છ દૂધ ઉત્પાદન વિશે સભાસદો જાણકારી આપી અને તેનુ અમલીકરણ કરે તો દૂધમાં સુક્ષ્મ જીવાણુંઓના પ્રવેશ અને વૃદ્ધિ પર આપણો ઘણો નિયંત્રણ મેળવી શકીએ છીએ.

સ્વચ્છ દૂધ ઉત્પાદનને પ્રોત્સાહન બળ પુરૂ પાડવા માટે સંઘ તરફથી બલ્ક ચીલીંગ યુનિટમાથી આવતા દૂધમાં બેકટેરીયાની સંખ્યાના આધારે જુલાઈ-૨૦૦૭ માસથી પ્રોત્સાહન આપવાનું શરૂ કરવામાં આવ્યુ હતુ. હાલમાં દૂધમાં બેકટેરીયાની સંખ્યા ૦ થી ૫ લાખ કે તેથી ઓછી હોયતો પ્રતિલીટર ૨૦ પૈસા. પ્રોત્સાહન માટે આપવામાં આવે છે.

| ક્રમ | બેકટેરીયા લાખ/ મિ.લી | પૈસા / લિટર |
|---|---|---|
| ૧ | ૦ થી ૫ લાખ સુધી | ૨૦ પૈસા. / લિટર |

સુમુલ ડેરી દ્વારા મંડળીની હાઈજેનિક (સંપૂર્ણ સાફ સફાઈવાળુ વાતાવરણ) સારી રીતે સચવાય તથા તે દ્વારા ઉચ્ચ ગુણવત્તા વાળું દૂધ ઉત્પાદન કરી શકાય તે માટે પ્રયત્નશીલ છે. સાથે સાથે સંઘ દ્વારા વિવિધ પ્રોત્સાહન ઈનામનું આયોજન કરવામાં આવે છે. ગત વર્ષ દરમ્યાન સૌથી ઓછા બેકટેરીયા આવ્યા હોય તેવી ત્રણ મંડળીને ઈનામ વિતરણમાં સામેલ કરી પ્રોત્સાહીત કરવામાં આવેલ છે.

આ વર્ષ દરમ્યાન મંડળીઓમાં સ્વચ્છ દૂધ ઉત્પાદનમાં ઘણો જ સુધારો જોવા મળેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં ઓછા બેકટેરીયા આવ્યા હોય તેવી પ્રથમ ત્રણ મંડળી નીચે પ્રમાણેની છે.

| ક્રમ | મંડળીનું નામ | તાલુકા | બેકટેરીયા લાખ/ મિ.લી |
|---|---|---|---|
| ૧ | કાણાધાટ ( મહીલા) | માંડવી | ૨.૧ |
| ૨ | દાદાકુઈ | માંડવી | ૨.૮ |
| ૩ | ટીટોઈ | માંડવી | ૩.૧ |



**રૂફ ટોપ વિજળી સોલાર સિસ્ટમ :**

સમય બદલાતો જાય તેમ નવીનત્તમ વિકલ્પો શોધાતા જાય છે. અને આવનાર દિવસોમાં વિશ્વ સામે જે નવા પડકારો આવવાના છે. તેને લક્ષ્યમાં લઈ હાલમાં ગ્રીન એનર્જી ઉપર ખુબ ભાર મુકવામાં આવેલ છે. તેના ભાગરૂપે સુમુલ સંઘે દૂધ મંડળીઓમાં વિજળીના બિલનું ભારણ ઓછું થાય અને ગ્રીન એનર્જીનો મહત્તમ ઉપયોગ થાય તેવા હેતુથી '' રૂફ ટોપ વિજળી સોલાર '' બી.સી.યુ વાળી મંડળી ઉપર લગાવવા માટે સંકલ્પ કરેલ હતો. તે માટે ચાલુ વર્ષ દરમ્યાન ઘણી મંડળીઓ દ્વારા પોતાનો ઓર્ડર સંઘને આપેલ હતો અને તેની સપૂર્ણ કાર્યવાહી પૂર્ણ કરેલ છે. અને સંઘ દ્વારા ૭૫ મંડળી પર કાર્યરત કરેલ છે. **અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ટ્રાયબલ વિસ્તારમાં સમાવેશ થયેલ દૂધ મંડળીઓમાં પરિપત્ર પ્રમાણે ૧ કિલો વોટ થી ૪૦ કિલો વોટ રૂફ ટોપ સોલાર માટેની સહાયકારી યોજના વર્ષ ૨૦૨૪–૨૦૨૫ માટે આવેલ છે** આ યોજનામાં ૦૯ મંડળીઓએ પર સોલાર લગાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે અને બાકીની મંડળીઓ તેમાં આગળ આવે અને આ યોજનાનો મહત્તમ લાભ લઈ અને આગળ વધે તેવા પ્રયત્નો ચાલુ વર્ષ હાથ ધરવામાં આવનાર છે. તો તમામ મંડળીને આ તબકકે આગળ વધવા આહવાન કરવામાં આવે છે. ઘણી પ્રોએકટીવ મંડળીઓ એ '' **રૂફ ટોપ વિજળી સોલાર** '' પોતાની રીતે પણ ફિટ કરાવ્યા છે તો મંડળીઓને લાઈટ બીલમાં ઘણો ફાયદો થયેલ છે. તો તેવી મંડળીઓને મેનેજમેન્ટ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવામાં આવે છે.

**૮.૦ દૂધ ઘર સહાય યોજના :**

દૂધ સહકારી પ્રવૃતિમાં મંડળી કક્ષાએ માળખાકીય સુવિધા વાળુ દૂધ ઘર એ પ્રાથમિક જરૂરીયાત છે. એ પ્રાથમિકતા ને ધ્યાનમાં રાખી નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન કુલ ૩૦ દૂધ મંડળીઓને કુલ રૂા. ૭૫.૭૫ લાખની દૂધ ઘર બાંધકામ સહાય ચુકવવામાં આવેલ છે સાથે સાથે સરકારશ્રી ની દૂધ ઘર બાંધકામ સહાય યોજના અંતર્ગત કુલ ૩ દૂધ મંડળીને યોજના નો લાભ અપાવી નવા દૂધ ઘર બનાવવા સહયોગ પુરો પાડેલ છે.

**૮.૧ દૂધ મંડળી વૃક્ષારોપણ કાર્યક્રમ :**

આપ સૌ જાણો છો કે પશુપાલન અને ખેતીમાં વાતાવરણ ખુબ અગત્યનું પાસુ છે આજના ગ્લોબલ વોર્મિંગમાં સહકારી સંસ્થાઓ દ્વારા યથા પ્રયત્ને યોગદાન આપવુ એ આપણા દૂધ મંડળીઓના ફાળે જાય છે.

સહકારના ૭ મા સિધ્ધાંત મુજબ સમાજ પરત્વે ઉતરદાયિત્વ ને ધ્યાને લઈ સંઘ દ્વારા દર વર્ષ પર્યાવરણ જાળવણી તેમજ સભાસદોને આવક મેળવી શકે તેવા શુભ આશયથી ફેડરેશન આણંદ તથા ફોરેસ્ટ નર્સરીઓના સહકાર થી વિના મૂલ્યે સાદા રોપા તથા સહાયથી ફળાઉ રોપા પૂરા પાડવામાં આવે છે.

અહેવાલના વર્ષ દરમ્યાન ૧૦૮૨ દૂધ મંડળીઓ ના સક્રિય સહકાર થી ૯,૩૪,૯૯૫ સાદા રોપા તથા સહાયથી ૧,૫૯,૯૪૨ ફળાઉ રોપા પૂરા પાડવામાં આવેલ છે ફેડરેશન કક્ષાએ આપણો સંઘ વર્ષ ૨૦૨૪–૨૦૨૫ માં વૃક્ષારોપણ કાર્યક્રમમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે. જે આપણા માટે આનંદ ની વાત છે. જેનો યસ આપણી તમામ સહકારી દૂધ મંડળીઓના ફાળે જાય છે.

**૮.૨ દૂધ મંડળી વ્યવસાય વિકાસ પ્રવાસ કાર્યક્રમ :**

પશુપાલન વ્યવસાયને વધુ વેગવાન બનાવવા માટે અને આધુનિકરણ અપનાવાથી થનારા ફાયદાઓ પ્રત્યે વધુ વિશ્વનીયતા લાવવા દૂધ ઉત્પાદકોને પ્રત્યક્ષ માહિતી માગદર્શન, નિર્દેશન હેતુ સહ સંઘ દ્વારા સંઘની સુમુલ દાણ ફેકટરી બાજીપુરા, સુમુલ સખી ડેરી ફાર્મ, ભાનાવાડી અને બાજીપુરા ખાતે ના ફોડર ફાર્મની મુલાકાતો અને માહિતીનો એક દિવસનો વ્યવસાયીક પ્રવાસ ના આયોજન થકી ખુબ સારા પરીણામો મળ્યા છે. સદર કાર્યક્રમ વાહતુક વ્યવસ્થા સંઘ દ્વારા પુરી પાડવામાં આવેલ છે તેમજ ભોજન વ્યવસ્થા ઓછા દરથી પુરી પાડવામાં આવે છે.

અહેવાલના વર્ષ દરમ્યાન કુલ ૨૩ દૂધ મંડળીઓ અને ૧૧૬૭ દૂધ ઉત્પાદકોએ વ્યવસાય વિકાસ હેઠળ યોજનાનો લાભ લઈ પશુપાલન માં સુધારો લાવી અને તેના વ્યવસાય ને વેગ આપેલો છે.

**૮.૩ સીડી/આઈસીડી કાર્યક્રમ :**

મંડળી કક્ષાએ વ્યવસાયીક માગદર્શન મળે, તથા દૂધ ઉત્પાદક કક્ષાએ દૂધ વ્યવસાયને વધુ વિકસાવા પ્રવૃતિઓનુ આયોજનબધ્ધ અમલીકરણ કરવા સંઘ અને ફેડરેશન, આણંદના સહયોગથી વિવિધ કાર્યક્રમો અમલમાં મુકવામાં આવેલ છે જેની વિગતવાર માહિતી નીચેના પત્રકમાં દર્શાવેલ છે.

| ક્રમ | વિગત | કાર્યક્રમ સંખ્યા | હાજર સભાસદો |
|---|---|---|---|
| ૧ | ધ્યેય નિર્ધારણ કાર્યશાળા (VMS) | ૯૧ | ૫,૮૮૬ |
| ૨ | વિ.એમ.એસ સમીક્ષા (VMS SAMIXA) | ૨૩૨ | ૧૪,૨૩૪ |
| ૩ | દિવા કાર્યક્રમ (DIVA) | ૪૫ | ૨,૯૧૮ |

| | | | |
|---|---|---|---|
| ૪ | મહિલા શિક્ષણ કાર્યક્રમ (WEP) | ૧૬૧ | ૧૦,૪૭૩ |
| ૫ | દૂધ મંડળી કમિટીસભ્યો ની તાલીમ (MCMT) | ૬૯ | ૪,૦૯૫ |

**૮.૪ ફેમેલી સાઈઝ બાયોગેસ યોજના :**

પશુપાલન વ્યવસાયમાં આપણા પશુઓમાથી મળતા ગોબર અને મૂત્રનું મુલ્યવર્ધન કરવાના હેતુથી સુમુલ ડેરી અને એન.ડી.ડી.બી. બન્ને સંસ્થાઓના '' **ગોબર સે સમૃધ્ધિ બાયોગેસ કાર્યક્રમ** '' હેઠળ સંયુકત પ્રયાસ થકી સુમુલ ડેરી દ્વારા અગાઉ ના વર્ષમાં ૪૭૪૩ વ્યકિતગત બાયોગેસ પ્લાન્ટ નું ઈન્સ્ટોલેશન કરવામાં આવેલ છે.

ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન સુમુલ ડેરી અને જી.સી.એમ.એમ.એફ. બન્ને સંસ્થાઓના સયુકત પ્રયાસ થકી સરકારશ્રીની ગોબર ધન યોજના અંતર્ગત કુલ ૮૦૦ ની મંજુરી મળેલ છે તેમજ સુમુલ ડેરી અને એન.ડી.ડી.બી બન્ને સંસ્થાઓના સંયુકત પ્રયાસ થકી સરકારશ્રીની એમ.એન.આર.ઈ ની યોજના અંતર્ગત કુલ ૧૦૦૦ યુનિટની મંજૂરી મળેલ છે એમ બે યોજનાઓ મળી કુલ ૧૮૦૦ પ્લાન્ટ નુ દૂધ મંડળી કક્ષાએ સભાસદોને ત્યા વ્યકિતગત બાયોગેસ પ્લાન્ટનું ઈન્સ્ટોલેશન ની કામગીરી ચાલુ છે.

ઘરનાં પશુઓના છાણમૂત્ર માથી પોતાના ઘરે જ ૭ એલ.પી.જી ગેસનાં બોટલની કિંમત ની રકમમાંથી આગામી ૧૦ વર્ષ સુધી ચાલે તેવા બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરી સુરત અને તાપી જીલ્લામાથી ૬૫૪૩ પશુપાલક પરિવાર આત્મનિર્ભર બને તેવા વિનમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે.

આ યોજનાનાં બહુવિધ ફાયદાઓ છે જેવા કે બાયોગેસમાં છાણ સીધુ પ્લાન્ટમાં જવાથી રોગ ફેલાતા અટકે ગામમાં છાણના ઉકરડા કે ઢગલા થતા નથી અને છાણ બાયોગેસ પ્લાન્ટમાં વપરાતું હોય રબડી (સ્લરી) માં રોગચાળો ફેલાવતા જંતુઓ માખીનો ઉપદ્રવ થતો નથી જેથી ગામમાં સ્વચ્છતા અને આરોગ્ય જળવાય બાયોગસની રબડી નું છાણ ગેસ યુનિટમાં ફર્મેન્ટેશન થવાથી નિંદામણ ઉત્પન્ન કરતા બીજનો નાશ થાય છે અને જમીનમાં ઉગતા નથી. તેનાથી નિંદામણ ખર્ચ બચાવી શકાય છે તેમાથી છાણની પ્રાકૃતિક ખાતરની ક્ષમતા વધે અને સેન્દ્રિય કચરાનો ઉચ્ચ ગુણવત્તાવાળા સેન્દ્રિય ખાતરમાં રૂપાંતર થવાથી પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય મળે છે.

છાણમાંથી જે મીથેન ગેસ હવામાં ભળી પ્રદુષણ ફેલાવી ગ્લોબલ વોર્મિંગ ને વધુ પ્રબળ બનાવે છે તે મીથેન ગેસને વાતાવરણમાં ન જવા દેતા બાયોગેસ પ્લાન્ટના માધ્યમથી એકત્ર કરી પાઈપલાઈન મારફતે રસોઈ બનાવવા માટે ઉર્જાના સ્ત્રોત તરીકે ઉપયોગ કરવાથી અનિંયત્રિત મીથેન ગેસના વધારાને રોકી વાતાવરણને પ્રદુષિત થતું અટકાવવા તથા તે મફતના મીથેન ગેસને ''બાયોગેસ''ના પ્રકલ્પમાં એકત્ર કરી તેનો રસોઈ ગેસ તરીકે ઉપયોગ કરવાથી એક પર્યાવરણ જાળવણીનું મહત્વનું કામ થાય છે.

આગામી દિવસોમાં NDDB ના સહયોગથી દૂધ મંડળીના માધ્યમ થકી વધુમાં વધુ દૂધ ઉત્પાદકોને લાભ આપીને કુલ ૨૦,૦૦૦ કે તેથી વધુ બાયોગેસ યુનિટ કાર્યરત કરવાનાં લક્ષ્યાંક છે. જેમાં આપ સૌ તરફથી યોગય સહકાર મળી રહશે એવી આશા રાખુ છુ.

**૮.૫. '' સુમુલ સભાસદ સુરક્ષા વિમા યોજના '' :**

આ યોજના હેઠળ સુમુલ ડેરી દૂધ ભરતી તમામ દૂધ મંડળીઓના દૂધ ભરતા સભાસદ ને લાભ આપવામાં આવે છે.
(૧) આ યોજનામાં અકસ્માત માં મૃત્યુ પામનાર વિમેદાર ને ૨,૦૦,૦૦૦ (બે લાખ પુરા) સુમુલ ડેરીમાંથી આપવામાં આવે છે.
(૨) આ યોજનામાં કાયમી અંપગતા આવે તો તેવા સંજોગોમાં વિમેદારને વીમાની રકમના ૫૦% એટલે ૧,૦૦,૦૦૦ (એક લાખ પુરા) ચુકવવામાં આવે છે. આવા અહેવાલના વર્ષ દરમ્યાન સુમુલમાં દૂધ ભરતા હોય એવા વ્યકિતઓને અકસ્માતે મુત્યુ પામેલ છે. તેમાના કુટુંબીજનોને સંઘ તરફથી તેમના દુઃખમાં ભાગીદાર બની તેને મદદરૂપ થવાની ભાવનાથી કુલ્લે ૨૦ જેટલા વિમેદારોને રૂા. કુલ ૪૦,૦૦,૦૦૦ લાખ રૂા. ની રકમ ચુકવવામાં આવેલ છે.

**૮.૬. વોટર હાર્વેસ્ટિંગ યોજના (જળ સંચય યોજના) :**

૨૦૨૫ ને ૨૨ મી માર્ચ ના રોજ **''વિશ્વ જળ દિવસ''** સુમુલ ડેરી એ તેના વોટર હોર્વેસ્ટિંગ **(જળ સંચય યોજના)** યોજનાની શરૂઆત કરી. જેના દ્વારા ડેરી ક્ષેત્રમાં ટકાઉ જળ વ્યવસ્થાપન માટેની પ્રતિબધ્ધતાને ફરી વેગ મળેલ છે. **''જળ એજ જીવન''** જીવન જીવવા માટે જેટલો ઓકસીજન નું મહત્વ છે એટલુ જ મહત્વ પાણી નું પણ છે. શુધ્ધ પાણીનો ઉપયોગ વગર મનુષ્યના જીલનની કલ્પના કરવી અશકય છે. તેના વરસાદી પાણીને વહી જતુ અટકાવી શકાય છે અને તેનો સંગ્રહ કરી ભવિષ્યમાં ઉપયોગ કરી શકાય છે.

**જળ સંચય યોજનાનાં મુખ્ય હેતુઓ :**

- સ્થાનિક સ્તરે પાણીના પુરવઠામાં સુધારો લાવવાથી મંડળી અને દૂધ ઉત્પાદકોને પાણીની ઉપલબ્ધિ સરળતાથી મળી રહેશે.
- પાણીના સ્તરોમાં સુધારો લાવવાનો ઉદ્દેશ છે જેથી જમીન અને પાણીમાં પ્રદુષણ અને ઘટતા સ્તર પર નિયંત્રણ પામી શકાય.



- આ યોજના દ્વારા તૈયાર કરવામાં આવેલા મોડલનો ઉપયોગ અન્ય વિસ્તારની મંડળીઓમાં પણ કરવામાં આવી શકે છે જેથી આખા પ્રદેશમાં પાણી સંરક્ષણ અને સંચાલના ઉન્નત મોડલને લાગુ કરી શકાય છે.

## ૯. પશુ સ્વાસ્થ્ય અને પશુ સંવર્ધન :

પશુપાલન ક્ષેત્રે આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિનો સમન્વય કરી વિવિધ યોજનાઓનો અમલ આપણે કરી રહીયા છીએ. પશુ સારવાર સેવાનાં ડીજીટલાઈઝેશનનાં ભાગરૂપે પશુસારવારની ઓનલાઈન એપ્લીકેશન તથા ૨૪ કલાક અને ૩૬૫ દિવસ પશુસારવાર કોલ સેન્ટર દ્વારા ૧૦૮ નિષ્ણાંત – અનુભવી વેટરનરી ડોકટરની ટીમ દ્વારા ગુણવત્તાસભર પશુસારવાર કરવામાં આવે છે. જે અંતર્ગત પશુ દીઠ તથા પશુપાલક દીઠ એમનાં પશુ સારવારનું ઓનલાઈન લેજર ધરાવે છે, જેના થકી જે તે પશુ ને અગાઉ શું સારવાર કરવામાં આવેલ છે ? જેની સ્થળ ઉપર સચોટ માહિતી મળી રહેવાથી પશુસારવાર સેવા ગુણવત્તાસભર થયેલ છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | ફરતા પશુ દવાખાના રૂટ/ઝોન | ૨૮ | ૨૮ |
| ૨ | વર્ષ દરમ્યાન થયેલ પશુ સારવાર | ૪,૪૭,૧૨૪ | ૪,૪૩,૯૭૬ |
| ૩ | સ્પે. વેટરનરી વિઝીટ | ૩,૩૪,૩૨૭ | ૩,૪૧,૫૨૫ |
| ૪ | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર | ૫૦૧ | ૫૦૭ |
| ૫ | પ્રાથમિક પશુ સારવાર કેસ | ૧૦,૪૬૭ | ૧૧,૨૮૭ |
| ૬ | પશુ સારવાર કેમ્પ | ૧,૨૬૮ | ૧,૧૩૧ |
| ૭ | પશુ સારવાર કેમ્પ કેસ | ૧,૧૨,૭૯૭ | ૧,૦૨,૪૫૧ |
| ૮ | કૃત્રિમ બીજદાન કેન્દ્ર | ૫૦૧ | ૫૦૭ |
| ૯ | કૃત્રિમ બીજદાન | ૪,૮૫,૨૭૫ | ૪,૯૪,૩૪૯ |
| ૧૦ | ગર્ભધારણ ચિકિત્સા કેસ | ૩,૨૩,૮૩૨ | ૩,૩૬,૯૩૮ |
| ૧૧ | ખરવા મોવાસા રસીકરણ | ૩,૮૨,૪૨૫ | ૪,૨૯,૭૮૯ |
| ૧૨ | થાઈલેરીયાસીસ રસીકરણ | ૪,૩૪૬ | ૩,૩૪૯ |
| ૧૩ | એચ. એસ. રસીકરણ | ૨,૩૫,૦૭૪ | ૨,૮૪,૭૫૮ |
| ૧૪ | હડકવા રોગ વિરોધી રસીકરણ | ૫૫૯ | ૫૦૫ |
| ૧૫ | બ્રુસેલા રસીકરણ | ૧૧,૦૭૫ | ૧૧,૪૪૭ |
| ૧૬ | લમ્પી સ્કીન ડીસીસ રસીકરણ | ૧,૪૫,૫૯૬ | ૨,૭૧,૬૯૩ |

## ૯.૧ ''સુમુલ સુમધુર પ્રયોગશાળા'' પ્રવૃતિઓ :
### અ. ''સુમુલ સુમધુર પ્રયોગશાળા''

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | પી.ટી. પ્રોજેક્ટ અંતર્ગત દૂધ નમુનાની ચકાસણી | ૫૬,૨૮૨ | ૫૬,૯૭૮ |
| ૨ | અન્ય નમુના (લોહીના નમુના ) | ૨,૪૮૯ | ૨,૬૧૦ |
| ૩ | સાંઢ-પાડા આનુવંશીકતા તપાસ | ૩૨ | ૩૫ |

લોહીનાં નમુના બ્રુસેલા, આઈ.બી.આર. રોગ, પેરેન્ટેજ વેરીફીકેશન, ટી.બી., જે.ડી. માટે તપાસ કરવામાં આવેલ છે.

### બ. પશુઓ માટે તાપમાન નિયંત્રણ કાર્યક્રમ (એનીમલ કુલીંગ સીસ્ટમ) :

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | એનીમલ કુલીંગ સીસ્ટમ | ૧૦ | ૧૮ |

## ૯.૨ ''દિપા'' કાર્યક્રમ (પ્રોજેની ટેસ્ટીંગ પ્રોગ્રામ) :

આ કાર્યક્રમ દ્વારા દૂધાળા પશુ / પશુ ઓલાદ સુધારણા તેમજ સાંઢ / પાડાને સિધ્ધ કરી તેમના દ્વારા વધુ દૂધ આપતી દૂધાળા પશુઓની ઓલાદના પશુઓ ઘર આંગણે મેળવવાનો ઉદ્દેશ્ય છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | કાર્યરત કેન્દ્ર | ૪૫ | ૫૨ |
| ૨ | આવરી લીધેલા ગામ | ૧૨૯ | ૧૪૧ |
| ૩ | કૃત્રિમ બિજદાન | ૩૯,૪૩૭ | ૪૬,૬૩૮ |
| ૪ | જન્મેલ વાછરડી | ૪,૦૮૪ | ૩,૫૧૫ |
| ૫ | જન્મેલ પાડી | ૨,૧૩૫ | ૧,૭૦૬ |
| ૬ | દૂધ માપણી અંતર્ગત આવરેલ પશુ | ૪,૩૨૯ | ૭,૪૯૦ |
| ૭ | પી.ટી.પી અંતર્ગત એન.ડી.ડી.બી ખાતે પસંદ થયેલ વાછરડા / પાડા | ૪૩૯ | |

## ૯.૩ જીનોમીક સીલેક્શન પ્રોગ્રામ :

આ યોજનામાં પશુઓની દૂધ ઉત્પાદન ક્ષમતા માટેનાં જનીનીક બંધારણનો અભ્યાસ કરવામાં આવે છે. જેના દ્વારા વાછરડી/પાડીની ખુબ જ નાની ઉંમરમાં દૂધ ઉત્પાદન ક્ષમતા જાણી શકાય છે. તેમજ સાંઢ/પાડાનાં જનીનીક બંધારણનો અભ્યાસ કરી ભવિષ્યમાં તે પશુ ઓલાદ સુધારણામાં ઉપયોગી છે કે નહીં તે જાણી શકાય છે. આ યોજનામાં ગાય/ભેંસની પુરા વેતરની દૂધ માપણી કરી તે પશુઓના લોહીના નમુના લેવામાં આવે છે. તે લોહીના નમુનામાંથી ડી.એન.એ. ને અલગ કરી જનીનીક બંધારણનો અભ્યાસ કરવામાં આવે છે. આ યોજના આપણા સંઘમાં એન.ડી.ડી.બી. તથા જી.સી.એમ.એમ.એફ નાં સહયોગ થી ચલાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | જીનોમીક સીલેક્શન પ્રોગ્રામ | | | |
|---|---|---|---|---|---|
| | | એન.ડી.ડી.બી | | જી.સી.એમ.એમ.એફ | |
| | | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
| ૧ | દૂધ માપણી અંતર્ગત આવરેલ પશુ | ૪,૩૨૯ | ૭,૪૯૦ | ૧,૪૧૫ | ૧,૦૨૨ |
| ૨ | લોહીનાં નમુના તપાસ અંતર્ગત આવરેલ પશુ | ૧,૮૯૮ | ૧,૨૬૮ | ૬૪૪ | ૩૬૭ |



### ૯.૪ સુમુલ ડેરીનું એનીમલ જીનેટીકસ ( SUMUL ANIMAL GENETICS) રાષ્ટ્રીય સ્તરે :

સંઘ દ્વારા કાર્યરત દિપા યોજના હેઠળ આપણાં વિસ્તારનાં વધુ દૂધ આપતા પશુઓનું " ઈલાઈટ હર્ડ " તૈયાર કરી તેમાંથી નોમીનેટેડ મેટીંગ એટલે કે પ્રુવન સીમેન ડોઝ થી આ પશુઓને ગાભણ કરી ઉચ્ચ જનીનીક બંધારણ ધરાવતા નર બચ્ચાઓ પેદા કરવામાં આવે છે તેમાંથી ૪૩૯ જેટલા નર બચ્ચા રાષ્ટ્રીય કક્ષાનાં સંવર્ધન માટે પસંદગી પામ્યા છે. એન.ડી.ડી.બી સંચાલિત સાબરમતી આશ્રમ ગૌશાળા ખાતે તેમાંથી સીમેન ડોઝ તૈયાર કરી રાષ્ટ્રકક્ષાએ તેનો ઉપયોગ થઈ રહયો છે. જે આપણા સંઘની વિશિષ્ટ સિધ્ધિ ગણી શકાય.

### ૯.૫ શુધ્ધ સંવર્ધન કાર્યક્રમ ( PURE BREEDING POGRAMME ) :

જી.સી.એમ.એમ.એફ આણંદના સહયોગથી આપણા સંઘની કુલ ૧૯ દૂધ મંડળીઓને પી.બી.પી અંતર્ગત આવરી લીધેલ છે.આ કાર્યક્રમ અંતર્ગત વધુ દૂધ ઉત્પાદન ક્ષમતા ધરાવતા પશુઓની દૂધ માપણી કરી તેને જેતે ઓલાદનાં પ્રીમીયમ સાંઢ/પાડા નાં સીમેન ડોઝ દ્વારા ફેળવી ઉચ્ચ જનીનીક બંધારણ ધરાવતી વાછરડી/પાડીઓની સંખ્યામાં વધારો કરી દૂધ ઉત્પાદન વધારવાનો હેતુ છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | પી.બી.પી અંતર્ગત આવરેલ દૂધ મંડળી | ૧૪ | ૧૯ |

### ૯.૬ સેકસ સીમેન ( લીંગભેદ આધારીત વીર્ય ડોઝ ) :

આ પધ્ધતિમાં Y(વાય) રંગસુત્ર ધરાવતા શુક્રકોષોને દુર કરી માત્ર X (એકસ) રંગસુત્ર ધરાવતા શુક્રકોષો ધરાવતા બિજદાન માટેનાં ડોઝ બનાવવામાં આવે છે. આ ડોઝનાં ઉપયોગ દ્વારા આપણે માત્ર ને માત્ર વાછરડી/પાડી પેદા કરી શકીએ છીએ.

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | સેકસ સીમેન ડોઝ | ૩,૬૮૦ | ૨૭,૯૯૫ |

### ૯.૭ એમ્બ્રીયો ટ્રાન્સફર ટેકનીક ( ભ્રૃણ પ્રત્યારોપણ યોજના ) :

ઝડપી ઓલાદ સુધારણાનાં ભાગરૂપે આપણે આ યોજનાનું પ્રાયોગીક ધોરણે આપણાં વાંસકુઈ તથા ભાનાવાડી ફાર્મ તથા સંઘના કાર્યક્ષેત્રમાં અમલીકરણ કરેલ હતું. આ યોજનામાં ઉચ્ચ જનીનીક બંધારણ ધરાવતી ગાય/ભેંસની રજગ્રંથી માંથી વધુ પ્રમાણમાં રજ ને એકત્રીકરણ કરી સિધ્ધ થયેલા સાંઢ/પાડાનાં સેકસ સીમેન દ્વારા તે રજનું લેબોરેટરીમાં ફલીકરણ કરવામાં આવે છે. અને આ રીતે તૈયાર થયેલ ગર્ભને અન્ય ગાય/ભેંસમાં પ્રત્યારોપણ કરવામાં આવે છે. આ રીતે આ યોજના દ્વારા ઉચ્ચ ઓલાદની ગાય કે ભેંસ માંથી વર્ષે ૩૦ થી ૩૫ માદા બચ્ચા મેળવી શકાય છે. અત્યાર સુધીમાં આપણે એમ્બ્રીયો ટ્રાન્સફર ટેકનીક (ભ્રૃણ પ્રત્યારોહણ યોજના) અંતર્ગત નીચે મુજબ ની કામગીરી કરેલ છે. ભવિષ્યમાં ભ્રૃણ પ્રત્યારોપણ દ્વારા જન્મેલ તમામ વાછરડી/પાડી ને દૂધ માપણીમાં સામેલ કરી દૂધ ઉત્પાદનમાં થયેલ ફેરફાર ને આધારે ભવિષ્યની સંવર્ધન નીતી બનાવામાં આવશે.

| ક્રમ | યોજના નું નામ | ભ્રૃણ પ્રત્યારોહણ કરેલ પશુ ની સંખ્યા | ગર્ભ ધારણ કરેલ પશુ ની સંખ્યા | ગર્ભ ધારણ ની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ગોદરેજ મેક્ષી મીલ્ક | ૧૦ | ૦૩ | ૩૦.૦૦ |
| ૨ | NDDB પાઈલોટ પ્રોજેકટ | ૯૯ | ૧૫ | ૧૫.૧૫ |
| ૩ | ABIP યોજના | ૩૧૧ | ૫૩ | ૧૭.૦૪ |
| ૪ | PT-ET યોજના | ૯૬ | ૩૬ | ૩૭.૫૦ |

### ૯.૮ સુમુલ ફર્ટીલીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ ( એફ.આઈ.પી પ્રોગ્રામ ) :

જી.સી.એમ.એમ.એફ આણંદના સહયોગથી એફ.આઈ.પી કાર્યક્રમ સને ૨૦૦૭–૨૦૦૮ થી કાર્યરત છે. આ કાર્યક્રમ હેઠળ સંઘની જુદી–જુદી દૂધ મંડળીઓ પસંદ કરી ત્યાંના પુખ્ત ઉમરના બીન ઉત્પાદક પશુઓનું રજીસ્ટ્રેશન કરી કાર્યક્રમમાં આવરી લેવામાં આવે છે. દર ૪૫ દિવસનાં સમય ગાળામાં ૪ (ચાર) પશુ વંધ્યત્વ નિવારણ કેમ્પ દ્વારા તમામ પશુને તપાસ/સારવાર હેઠળ રાખી આવા આપણા દૂધ ઉત્પાદકો માટે ભારરૂપ બિન ઉત્પાદક પશુઓને ઉત્પાદક બનાવામાં આ કાર્યક્રમ ખુબજ સફળ રહેલ છે.

| ક્રમ | એફ.આઈ.પી વર્ષ | ગાભણની ટકાવારી | રજી.પશુની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | ૮૨.૨૦ | ૧૩,૦૯૯ |
| ૨ | બીજુ | ૮૦.૨૦ | ૧૪,૭૫૦ |
| ૩ | ત્રીજુ | ૮૦.૦૦ | ૧૪,૭૯૬ |
| ૪ | ચોથુ | ૮૦.૦૦ | ૧૨,૬૭૫ |
| ૫ | પાંચમું | ૭૯.૦૦ | ૧૦,૦૬૮ |
| ૬ | છટ્ઠુ | ૭૮.૦૦ | ૦૭,૫૪૬ |
| ૭ | સાતમું | ૭૮.૦૦ | ૩૯,૦૧૧ |
| ૮ | આઠમું | ૭૬.૬૦ | ૨૨,૪૯૪ |
| ૯ | નવમું | ૭૫.૦૦ | ૨૫,૭૨૭ |
| ૧૦ | દશમું | ૭૨.૯૦ | ૩૭,૨૨૫ |
| ૧૧ | અગિયારમું | ૭૧.૯૫ | ૪૧,૦૧૧ |
| ૧૨ | બારમું | ૭૨.૦૫ | ૪૭,૮૨૨ |
| ૧૩ | તેરમું | ૭૧.૪૬ | ૩૯,૩૯૩ |
| ૧૪ | ચૌદમું | ૭૧.૩૪ | ૪૪,૦૧૬ |
| ૧૫ | પંદરમું | ૭૨.૮૬ | ૪૬,૫૬૭ |
| ૧૬ | સોળમું | ૭૧.૦૭ | ૩૮,૮૯૬ |
| ૧૭ | સત્તરમું | ૭૨.૨૪ | ૩૪,૩૬૯ |

**એફ.આઈ.પી - ૧૮ :**

વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન ૩૫૦ જેટલી દૂધ મંડળીઓને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવાનું આયોજન કરેલ છે.

**૯.૯ હીટ સીન્ક્રોનાઈઝેશન પ્રોગ્રામ (એચ.એસ.પી) :**

જી.સી.એમ.એમ.એફ આણંદનાં સહયોગથી સંઘના કાર્યક્ષેત્રમાં પશુ વંધ્યત્વ નિવારણ માટે હોર્મોનની સારવાર આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | એચ.એસ.પી અંતર્ગત સારવારનાં કેશ | ૧,૪૬૫ | ૧,૭૬૧ |

**૯.૧૦ પ્રોડકટીવીટી એનહાન્સમેન્ટ પ્રોગ્રામ (પી.ઈ.પી) :**

જી.સી.એમ.એમ.એફ આણંદના સહયોગથી આપણા સંઘની કુલ ૬૧૨ દૂધ મંડળીઓને પી.ઈ.પી અંતર્ગત આવરી લીધેલ છે. જેમા પશુઓની ઉત્પાદન ક્ષમતા વધારવાના હેતુસર વિવિધ સંકલીત કાર્યક્રમ કૃત્રિમ બીજદાન નોંધણી, વાછરડી/પાડી નોંધણી, વાછરડી/પાડી ઉછેર કાર્યક્રમ (સી.આર.પી) તથા પશુ વંધ્યત્વ નિવારણ કેમ્પ કરવામાં આવે છે.



| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | પી.આઈ.પી અંતર્ગત આવરેલ દૂધ મંડળી | ૨૭૧ | ૬૧૨ |
| ૨ | કૃત્રિમ બીજદાન નોંધણી | ૧૩,૩૨૮ | ૧,૬૯,૦૧૭ |

**૯.૧૧ વાછરડી/પાડી ઉછેર કાર્યક્રમ (સી.આર.પી) :**

કૃત્રિમ બિજદાનથી પેદા થયેલ અને દૂધ માટેના સારા આનુવંશીક ગુણો ધરાવતી વાછરડી/પાડી નો આપણા ઘર આગંણે જ ઉછેર થાય તે હેતુસર જી.સી.એમ.એમ.એફ આણંદના સહયોગથી આપણા સંઘમાં વાછરડી/પાડીની નોંધણી કરી કાફ રીયરીંગ કીટ (મિલ્ક રીપ્લેસર ૧૦ કિ.ગ્રા પાવડર, કાફ સ્ટાર્ટર દાણ ૫૦ કિ.ગ્રા અને સુમિનરલ ફોર્ટ પ્લસ પાઉડર ૧ કિ.ગ્રા) તથા સુમુલ દાણ (ઈલાઈટ) ૫૦ કિ.ગ્રા અને સુમિનરલ ફોર્ટ પ્લસ પાવડર ૧ કિ.ગ્રા તબકકાવાર આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | સી.આર.પી અંતર્ગત આવરી લીધેલ દૂધ મંડળી | ૬૩૦ | ૬૨૩ |
| ૨ | સી.આર.પી અંતર્ગત નોંધણી કરેલ વાછરડી/પાડી | ૪૨,૩૩૮ | ૪૩,૬૬૯ |

**૯.૧૨ સ્ટ્રેટેજીક વાછરડી/પાડી ઉછેર કાર્યક્રમ (સ્ટ્રેટેજીક સી.આર.પી) :**

પી.ટી.પી., પી.બી.પી તથા ઈ.ટી યોજના અંતર્ગત જન્મેલ તથા ઉચ્ચ જનીનીક ગુણવત્તા ધરાવતી વાછરડી/પાડીની પસંદગી કરી સુમુલ  પશુ સંવર્ધન કેન્દ્ર– વાંસકુઈ તથા સુમુલ સખી ડેરી ફાર્મ –ભાનાવાડી ખાતે તથા ફીલ્ડમાં સ્ટ્રેટેજીક વાછરડી/પાડી ઉછેર કાર્યક્રમ અંતર્ગત ઉછેર કરવામાં આવે છે. જી.સી.એમ.એમ.એફ આણંદ તથા સુમુલ ડેરી, સુરત દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત સંકર વાછરડીનું ૨૪ માસમાં વિયાણ તથા દેશી વાછરડી / પાડીનું ૩૦ માસમાં વિયાણ થાય તે હેતુસર સ્ટ્રેટીજીક વાછરડી/પાડી ઉછેર કાર્યક્રમ કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | | ૨૦૨૪-૨૫ (સંખ્યા) | |
|---|---|---|---|---|---|
| | | ફાર્મ | ફીલ્ડ | ફાર્મ | ફીલ્ડ |
| ૧ | સ્ટ્રેટેજીક સી.આર.પી અંતર્ગત આવરેલ સંકર વાછરડી | ૩૮ | ૧૮ | ૨૧ | ૨૮ |
| ૨ | સ્ટ્રેટેજીક સી.આર.પી અંતર્ગત આવરેલ ગીર વાછરડી | ૧૪ | ૦ | ૨૦ | ૦ |
| ૩ | સ્ટ્રેટેજીક સી.આર.પી અંતર્ગત આવરેલ પાડી | ૧૧ | ૦ | ૭ | ૦ |
| કુલ | | ૬૩ | ૧૮ | ૪૮ | ૨૮ |

**૯.૧૩ સુમુલ દાણ વિતરણ :**

સુમુલ દાણ ફેકટરી, બાજીપુરા આવશ્યક જરૂરીયાત સંતોષવા માટે વૈજ્ઞાનિક નવીનીકરણ અને અદ્યતન ટેકનોલોજી ના સમન્વયથી તમામ પ્રાપ્ય કાચોમાલ તથા વિવિધ સ્ત્રોતોનો ઉપયોગ કરી ગુણવત્તા યુકત પશુ આહારના ઉત્પાદનમાં લગતી પ્રકિયા તેમજ કાર્ય પદ્ધતિમાં સતત નિરીક્ષણ અને સુધારણા કરી હર હમેશાં ગુણવત્તા યુકત સમતોલ પશુ આહાર લઘુત્તમ કિંમતે સતત પુરો પાડવા કટીબધ્ધ છે.

સુમુલ દાણ ફેકટરી, બાજીપુરા દ્વારા BIS નાં ધારાધોરણ મુજબ વિવિધ ગુણવત્તા યુકત પશુ આહાર જેવા કે સુમુલ દાણ ગોલ્ડ પ્લસ, બફેલો સ્પેશીયલ, હાઈપ્રો ફિડ (બાયપાસ પ્રોટીન યુકત), સુમુલ સમૃદ્ધિ ફીડ, સુમુલ પ્રેગ્નન્સી ફીડ, કાફ સ્ટાર્ટર, મકાઈ ભરડોનું ઉત્પાદન કરી મંડળીઓની જરૂરીયાત મુજબ વિતરણ કરવામાં આવે છે.

ચાલુ વર્ષમાં જાન્યુ–૨૫ થી સુમુલ ડેરી દ્વારા નવા પશુઆહાર ના બે પ્રીમીયમ ઉત્પાદનો સુમુલ સમૃદ્ધિ ફીડ અને સુમુલ પ્રેગ્નન્સી ફીડ પશુપાલકો માટે બજારમાં મુકવામાં આવ્યા છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) | સરેરાશ વધારો (%) |
|---|---|---|---|---|
| ૧ | દૈનિક ઉત્પાદન ક્ષમતા (મેટ્રીક ટન / દિવસ) | ૧,૦૦૦ | ૧,૦૦૦ | – |
| ૨ | દૈનિક સરેરાશ ઉત્પાદન (મે.ટન) | ૫૯૮ | ૬૧૯ | ૩.૫ |
| ૩ | વાર્ષિક દાણ વેચાણ (મે.ટન) | ૧,૮૩,૧૩૯ | ૧,૯૫,૦૧૩ | ૬.૫ |
| ૪ | સુમુલ બફેલો સ્પેશીયલ (BIS Type-I) (મે.ટન) | ૪,૨૪૩ | ૫,૩૩૯ | ૨૫.૮ |
| ૫ | સુમુલ હાઈપ્રો ફિડ (BIS Type-I) (મે.ટન) | ૨,૭૭૨ | ૩,૧૧૩ | ૧૨.૩ |
| ૬ | સુમુલ સમૃદ્ધિ ફિડ (મે.ટન) | – | ૧,૭૭૫ | ૧૦૦.૦ |
| ૭ | સુમુલ પ્રેગ્નન્સી ફિડ (મે.ટન) | – | ૩૫૮ | ૧૦૦.૦ |
| ૮ | મકાઈ ભરડો (મે.ટન) | ૪,૨૭૪ | ૫,૬૪૦ | ૩૨.૦ |

ચાલુ વર્ષ દરમ્યાન સુરત–તાપી જિલ્લાની વિવિધ મંડળીઓનાં પશુપાલકો દ્વારા સુમુલ દાણ ફેકટરી ખાતે પ્રવાસ, વૈજ્ઞાનિક પશુપોષણ–પશુઆહાર ની સમજ માટે તાલીમ આપવામાં આવી. તાલીમ દરમ્યાન પશુપાલન વ્યવસાયને વૈજ્ઞાનિક અભિગમ સાથે પશુ પાલકોની ઉપયોગી માહિતીથી તાલીમાર્થીઓને અવગત કરવામાં આવે છે. અહેવાલના વર્ષ દરમ્યાન નીચે જણાવ્યા મુજબ આપણા તાલીમ કેન્દ્રમાં સફળ તાલીમ મેળવેલ છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | મંડળીના પશુપાલકોની સુમુલ દાણ ફેકટરી બાજીપુરા ખાતે પ્રવાસ, વૈજ્ઞાનિક પશુપોષણ – પશુ આહારની સમજ માટે તાલીમ પશુપાલકોની સંખ્યા | ૮,૪૨૦ | ૪,૦૪૧ |

### ૯.૧૪ પૂરક પશુ આહાર :
### (સુમિનરલ ફોર્ટ પ્લસ, ફર્ટીકેર ગોલ્ડ, સુમુલ મિલ્ક શકિત પાવડર)

મિનરલ મીક્ષ્ચર એ કેલ્શીયમ, ફોસ્ફરસ, લોહતત્વ, ઝીંક, મેગ્નેશીયમ તથા સુક્ષ્મ ખનીજ તત્વોનુ મિશ્રણ વિગેરે તત્વો આદિવાસી પટ્ટીના ડુંગરાળ પ્રદેશ અને દરીયાકાંઠા ના પ્રદેશમાં જમીનમાં ક્ષારનાં પ્રમાણમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળે છે, જેની અસર ઘાસચારા પર અને છેવટે પશુઓના સ્વાસ્થ્ય પર થાય છે, પશુઓમાં થતા ખનીજ ક્ષાર તત્વોની ઉણપને દુર કરવા માટે અને પશુ ની તંદુરસ્તી સારી રીતે જળવાઈ રહે તે હેતુક્ષર પશુઓને અન્ય ખોરાક સાથે મીનરલ મીક્ષ્ચર આપવું અનિવાર્ય છે, જેથી ખનીજ તત્વની ઉણપ પશુના શરીરમાં રહે નહી, આ ઉદ્દેશયને ધ્યાનમાં રાખી આપણા સંઘની સુમુલ દાણ ફેકટરી, બાજીપુરા ખાતે ખનીજ ક્ષારનો પાવડર ( સુમિનરલ ફોર્ટ પ્લસ મિનરલ મિક્ષ્ચર) નો પ્લાન્ટ પણ કાર્યરત છે. તે દ્વારા આપણા સંઘે વર્ષ દરમ્યાન ઉંચી ગુણવત્તા વાળુ ચીલેટેડ મિનરલ મિક્ષ્ચર (નવી ફોર્મ્યુલા નવા પેકેજીંગ તથા નવી ફલેવર સહીત) જરૂરીયાત પ્રમાણે બનાવી દૂધ ઉત્પાદકોને જે તે દૂધ મંડળી મારફતે પુરૂ પાડેલ છે.

આપણા પશુપાલકો બજારમાથી વિવિધ કંપનીના મોંઘા તથા હલકી ગુણવત્તા વાળા કેલ્શીયમ યુકત પ્રવાહી ફિડ સપ્લીમેન્ટની ખરીદી કરે છે. સુમુલ ડેરીએ આપણા પશુપાલકોને ઉચ્ચ ગુણવત્તા યુકત પ્રવાહી કેલ્શીયમ સપ્લીમેન્ટ મળી રહે તે ઉદેશથી ચાલુ વર્ષ દરમ્યાન કેલ્શીયમ,ફોસફરસ, વિટામીન એ, ડી–૩, ઈ, ચીલીટેડ ખનીજ તત્વો તથા હર્બલ દુગ્ધ વર્ધક તત્વો ( સતાવરી, જીવંતી અર્ક) યુકત સુમુલ ન્યુટ્રીમિલ્ક ફોર્મ્યુલા ( પ્રવાહી ફીડ–સપ્લીમેન્ટ – ૧ લીટર અને ૫ લીટર જાર) નાં ઉત્પાદન ની શરૂઆત કરવામાં આવેલ છે, જે વિયાણ બાદ પશુઓમાં થતી ખનીજ તત્વોની, કેલ્શીયમની ઉણપ નીવારી ઉત્પાદન વધારવામાં મદદરૂપ થાય છે.

પશુઓમાં ખનીજ તત્વોની ખામીને લીધે જોવા મળતા વંધ્યત્વનાં પ્રશ્નોના નિવારણ માટે સુમુલ ડેરી દ્વારા સુમુલ ગોલ્ડ બોલસ (દવા) ઉત્પાદનની શરૂઆત કરવામાં આવેલી છે.

સુમુલ ફટિકેર ગોલ્ડ બોલસમાં કોપર, કોબાલ્ટ, ઝીંક, મેગેનીઝ, આયોડીન અને સેલેનિયમ જેવા ચિટીટેડ સુક્ષ્મ ખનીજ તત્વો વિટામીન એ, ડી,૩ ઈ, ઉપરાંત ઘણા ફાયદાકારક આયુર્વેદીક તત્વો પણ ઉમેરવામાં આવ્યા છે. આ ઉત્પાદન એકમમાં બનતી બોલસ દ્વારા સુરત અને તાપી જિલ્લાનાં વંધ્યત્વ પશુઓની સારવાર થઈ શકશે. અને દૂધાળા પશુઓની પ્રજનન શકિત વધશે. તેમની પેઢીઓ આગળ વધશે અને ભારત હંમેશાની જેમ પશુ સંપત્તિથી સમૃધ્ધ બની રહેશે.



બાજીપુરા ખાતે સુમુલ દાણ ફેકટરીમાં પશુઓ માટે સમતોલ આહાર બનાવવામાં આવે છે. જે પ્લાન્ટની સાફ સફાઈ દરમ્યાન વેસ્ટેજ નીકળે છે. દાણ ફેકટરીમાંથી નીકળતા વેસ્ટમાંથી સુમુલે વિવિધ બેકટેરીયા કલ્ચર્સની મદદથી ઓર્ગેનીક વેસ્ટ બાયો કંપોસ્ટીંગ ફર્ટિલાઈઝર બનાવવાનું નકકી કર્યુ. નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ અને કેલ્શિયમથી ભરપૂર આ ઓર્ગેનીક ખાતર દાણ ફેકટરી તથા શીત કેન્દ્ર, બાજીપુરા ફોડર પ્રોડકશન યુનિટ ખાતે ઘાસચારાના ઉત્પાદન માટે વાપરવામાં આવે છે.

સુમુલ સુમિનરલ ફોર્ટ પ્લસ, ફર્ટીકેર ગોલ્ડ પ્લસ, સુમુલ મિલ્ક શકિત પાઉડર, સુમુલ ફેટ–એસ.એન.એફ બુસ્ટર પાઉડર,સુમુલ ચાટણ ઈંટ, સુમુલ ન્યુટ્રીમિલ્ક (પ્રવાહી ફીડ સપ્લીમેન્ટ), ફોડર બ્લોકનું બાજીપુરા ખાતેથી નીચે મુજબ વેચાણ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) | સરેરાશ વધારો (%) |
|---|---|---|---|---|
| ૧ | સુમિનરલ ફોર્ટ પ્લસ (૧.કિ.ગ્રામ પેકેટ) | ૨,૯૩,૯૧૨ | ૨,૭૩,૮૩૩ | –૬.૮ |
| ૨ | ફર્ટીકેર ગોલ્ડ પાવડર (૧.કિ.ગ્રામ પેકેટ) | ૧,૧૨,૧૩૨ | ૯૮,૦૯૬ | –૧૨.૫ |
| ૩ | સુમુલ મિલ્ક શકિત પાવડર (૧.કિ.ગ્રામ પેકેટ) | ૫૪,૧૪૧ | ૫૩,૭૮૪ | –૦.૭ |
| ૪ | સુમુલ ફેટ–એસ.એન.એફ બુસ્ટર પાવડર (૧.કિ.ગ્રામ પેકેટ) | – | ૨,૨૮૦ | ૧૦૦.૦ |
| ૫ | સુમુલ ચાટણ ઈંટ (૨.કિ.ગ્રામ બ્લોક) | – | ૨,૬૨૭ | ૧૦૦.૦ |
| ૬ | સુમુલ ન્યુટ્રીમીલ્ક સપ્લીમેન્ટ (૧ લીટર બરણી) | ૪૨૪ | ૬૧૨ | ૪૪.૦ |
| ૭ | સુમુલ ન્યુટ્રીમીલ્ક સપ્લીમેન્ટ (૫ લીટર બરણી) | ૬૯૩ | ૪૫૧ | –૩૪.૯ |
| ૮ | ફોડર બ્લોક (૧૪.૫ કિ.ગ્રામ બેગ) | ૫,૮૭૯ | ૮,૨૬૨ | ૪૦.૫ |

**સુપર બુલેટ ગ્રાસ ( હાઈબ્રીડ નેપિયર ઘાસચારાની એક સુધારેલ જાત) :**

પશુઓમાં દૂધ ઉત્પાદન જાળવવા માટે આખા વર્ષ દરમ્યાન લીલો ઘાસચારો પુરતા પ્રમાણમાં મળી રહે તે હેતુથી સુમુલ ડેરી દ્વારા સુપર બુલેટ ઘાસચારા વિકાસ કાર્યક્રમ હેઠળ **''એક ગામ – દસ ફોડર ફાર્મ''** અભિયાન ચાલુ કરવામાં આવેલ છે, માર્ચ ૨૦૨૫ સુધીમાં ૬૫૦ થી વધુ મંડળીઓમાં ૧૩,૦૦૦ થી વધુ પશુપાલકોને ૫૫ લાખથી વધુ સુપર બુલેટ સ્ટેમ્સ ( બિયારણ જડીયા) નું વિતરણ સુમુલ–બાજીપુરા શીતકેન્દ્ર, વાસંકુઈ એનીમલ બ્રિડીંગ સેન્ટર, ઉચ્છલ શીત કેન્દ્ર ખાતે થી તથા ખેડુત મારફત કરવામાં આવેલ છે.


**સુમુલદાણ ફેકટરી દ્વારા પશુઆહાર તથા પૂરક પશુઆહાર ના નવા ઉત્કૃષ્ટ ઉત્પાદનો :**















### ૯.૧૫ ઘાસચારા વિકાસ ફાર્મ – બાજીપુરા :

બાજીપુરા શીતકેન્દ્ર/દાણ ફેકટરી બાજીપુરા ખાતે આશરે ૧૦(દસ) વિઘા જમીનમા સુપર બુલેટ ગ્રાસ નું વાવેતર કરેલ હતું જેના થકી સુમુલ ડેરીના પશુપાલકોને ઉચ્ચ ગુણવત્તાનું બિયારણ ઉપલબ્ધ થાય. આ ફાર્મ ખાતે ઘાસચારાની જાણકારી માટે ઘાસચારા નિદર્શન પ્લોટ બનાવામાં આવેલ છે જેથી સભાસદોને વિવિધ ઘાસચારાની સુધારેલી જાતની માહિતી મળી રહે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં કુલ ૭૧,૨૪૦ નંગ સુપર બુલેટ ગ્રાસના ડાંડા ( ૩,૫૬,૨૦૦ સ્ટેમ્પસ /ટુકડા) નું વેચાણ કરેલ છે. જેના થકી કુલ ૭૨ મંડળીએ અને કુલ ૭૩૮ પશુપાલકોએ લાભ લીધેલ છે. તદઉપરાંત ૧૮૯.૬૦૫ મે.ટન લીલો ઘાસચારો ઉત્પાદન કરી આપણા ભાનાવાડી તથા વાંસકુઈ ફાર્મ ખાતે પશુઓને ખવડાવવા માટે મોકલાવેલ છે.

### ૯.૧૬ સુમુલ દાણ / સુમુલ ફીડ સપ્લીમેન્ટ સહાય :

આપણા સંઘ દ્વારા વેટરનરી વિભાગ દ્વારા કાર્યરત વિવિધ યોજનાઓ(જી.સી.એમ.એમ.એફ/સરકારી)અંતર્ગત આપણા પશુપાલકો ને સુમુલ દાણ તથા સુમુલ ફીડ સપ્લીમેન્ટ સહાય થી પુરા પાડવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ |
|---|---|---|---|
| ૧ | કુલ સુમુલ દાણ તથા સુમુલ ફીડ સપ્લીમેન્ટ (મે.ટન) | ૧૩૭૬૬.૦૫ | ૧૧,૪૩૮.૧૫ |
| ૨ | કુલ રકમ (રૂા. લાખમાં) | ૪૨૬૩.૦૦ | ૩,૭૫૮.૧૪ |
| ૩ | કુલ સહાય (જી.એમ.એમ.એફ./સરકારી) (રૂા. લાખમાં) | ૧૪૬૧.૯૧ | ૧,૪૯૬.૪૧ |
| ૪ | કુલ સહાય સંઘ દ્વારા (રૂા. લાખમાં) | ૧૭૧૩.૫૮ | ૧૪૨૦.૨૦ |
| ૫ | લાભાર્થી પશુપાલકનો ફાળો (રૂા. લાખમાં) | ૧૦૮૭.૫૨ | ૮૪૧.૫૩ |

### ૯.૧૭ એનીમલ હસબન્ડરી સ્ટોર્સ :

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | ઈલે.ચાફ કટર | ૭૧૪ | ૬૫૬ |
| ૨ | મિલ્કીંગ મશીન | ૨૧ | ૨૦ |
| ૩ | ગાયને બેસવા માટે સાદડી | ૮,૪૧૦ | ૧૨,૫૩૭ |
| ૪ | સાઈલેજ બેગ | ૩૦૫ | ૩૪૭ |
| ૫ | એ.આઈ. ક્રેઈટ | ૧૬૫ | ૧૫૬ |
| ૬ | એનીમલ લીફ્ટીંગ ટ્રેવીસ | ૧૦૩ | ૬૩ |
| ૭ | ઈલે.ચાફ કટર (રીપેરીંગ) | ૨,૦૨૦ | ૨,૨૦૨ |

### ૯.૧૮ પશુ જુથ વિમા યોજના :

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | પોલીસી | ૩,૦૪૭ | ૫,૬૨૫ |
| ૨ | વિમો ઉતરાવેલ પશુ | ૮,૫૮૬ | ૧૬,૬૫૧ |
| ૩ | વિમા પ્રિમિયમ કુલ ( કરોડ માં) | ૬.૯૨ | ૧૩.૯૮ |
| ૪ | પશુઓના વિમા કલેમ મંજુર | ૧,૧૬૭ | ૧,૧૫૩ |
| ૫ | પશુપાલકોને ચુકવેલ વિમા કલેઈમની રકમ ( કરોડ માં) | ૬.૬૮ | ૬.૭૪ |



### ૯.૧૯ સુમુલ પશુ સંવર્ધન કેન્દ્ર વાંસકુઈ :

આ કેન્દ્ર ખાતે વાછરડી/પાડી ઉછેર કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં કુલ ૨,૩૬૫ વાછરડી/પાડીનું વિતરણ કરેલ છે જયારે અહેવાલ ના વર્ષ દરમ્યાન ૩૫ ગાય/ભેંસ/વાછરડી/પાડીઓનું વિતરણ કરેલ છે. જી.સી.એમ.એમ.એફ આણંદના સહયોગથી શરૂ કરેલ સ્ટ્રેટેજીક કાફ રીયરીંગ પ્રોગ્રામ કે જેના ધારા–ધોરણો પ્રમાણે સંકર વાછરડીનું ૨૪ માસની ઉંમરે તથા ગીર/કાંકરેજ જેવી દેશી ગાયની ઓલાદ તેમજ પાડીનું ૩૦ માસની ઉંમરે વિયાણ થઈ જવું જોઈએ. આ યોજના અત્યાર સુધીમાં ૧૦૮ ગીર/એચ.એફ. વાછરડીઓનું વૈજ્ઞાનિક ઢબે ઉછેર થયેલ છે. જેમાથી ૨૦ ગીર વાછરડીઓનું સરેરાશ ૨૭ માસની ઉંમરે વિયાણ થયેલ છે. જયારે ૪ ગીર વાછરડીઓ ૧૮ માસની ઉંમરે ગાભણ થયેલ છે. આ ગીર વાછરડીઓનો સરેરાશ દૈનિક ૫૭૫ ગ્રામ વૃધ્ધિદર હાંસલ કરેલ છે.

| ક્રમ | સ્ટ્રેટેજીક સી.આર.પી યોજના માં સામેલ વાછરડી | ૨૦૨૧–૨૨ (સંખ્યા) | ૨૦૨૨–૨૩ (સંખ્યા) | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) |
|---|---|---|---|---|---|
| ૧ | એચ.એફ. સંકર | ૦૦ | ૦૦ | ૧૦ | ૬ |
| ૨ | ગીર | ૧૧ | ૧૮ | ૨૫ | ૨૨ |
| | **કુલ** | **૧૧** | **૧૮** | **૩૫** | **૨૮** |

અહેવાલ ના વર્ષ દરમ્યાન કુલ ૧૩૪૧ બેગ વર્મીકમ્પોસ્ટ ખાતર, ૯ કિ.ગ્રા અળસીયા, ૭૨૮૬ લીટર ગીર ગાયનું ગૌ–મુત્ર, ૮૩૬૫ કિ.ગ્રા વર્મીકમ્પોસ્ટ ચારણ અને ૨૦,૦૮૦ કિ.ગ્રા ગીર ગાયનું ગોબર વિતરણ કરેલ છે. તદ્ ઉપરાંત ઘાસચારાની સુધારેલી હાઈબ્રિડ જાતો ના જડીયા જેવી કે સુપર બુલેટ ગ્રાસના ૨૭૭૪૫ નંગ તેમજ ૧૨૯.૨૩૫ ટન છાણિયુ ખાતર આપણા કાર્યક્ષેત્રની વિવિધ મંડળીના સભાસદોને વિતરણ કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન વિવિધ સંસ્થા તથા મંડળીઓના ૩,૮૮૭ મુલાકાતીઓએ મુલાકાત લઈ વૈજ્ઞાનિક ઢબે પશુપાલન અંગેનું નિદર્શન અને માર્ગદર્શન મેળવેલ છે.

### ૯.૨૦ સુમુલ સાંઢ/પાડા ઉછેર કેન્દ્ર વાંસકુઈ :

વાંસકુઈ ખાતેના આ સેન્ટર પરથી અહેવાલના વર્ષ દરમ્યાન High Genetic Merit ધરાવતા કુલ ૨૦ બ્રીડીંગ બુલનું સંઘના કાર્ય ક્ષેત્રની વિવિધ મંડળીઓમાં વિતરણ કરેલ છે તથા ૫ ગીર વાછરડા ઓર્ગેનિક પધ્ધતિથી ખેતીકામ કરવાં માટે ઉમરપાડા તાલુકામાં આપેલ છે. હાલમાં સેન્ટર ખાતે કુલ ૨૦ જેટલા ઉચ્ચ ઓલાદના વાછરડા/પાડાનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર થઈ રહયો છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | એચ.એફ. સંકર સાંઢ | ૧૦ | ૦ |
| ૨ | મુરાહ X પાડા | ૦૯ | ૭ |
| ૩ | ગીર સાંઢ | ૦૧ | ૧૩ |
| | **કુલ** | **૨૦** | **૨૦** |

### ૯.૨૧ સુમુલ સખી ડેરી ફાર્મ – ભાનાવાડી :

સંઘ સંચાલિત બચત જુથની બહેનો દ્વારા પશુપાલન વ્યવસાય કરી ઘર આંગણે રોજગારી પુરી પાડી આર્થિક ઉન્નતી લાવવાના હેતુસર મુ. ભાનાવાડી, તા. વ્યારા, જી. તાપી ખાતે કોમ્યુનિટી ડેરી ફાર્મ '' સુમુલ સખી ડેરી ફાર્મ '' માર્ચ–૨૦૨૦ થી શરૂ કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન વિવિધ સંસ્થા તથા દૂધ મંડળીઓના સભાસદ પશુપાલકોએ મુલાકાત લઈ વૈજ્ઞાનિક ઢબે પશુપાલન વ્યવસાય અંગેનું માર્ગદર્શન તથા નિદર્શન મેળવેલ છે

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | કુલ દૂધાળા પશુ | ૧૦૩ | ૭૯ |
| ૨ | કુલ વાછરડી | ૭૦ | ૭૬ |
| ૩ | કુલ પાડી | ૨૬ | ૨૮ |
| ૪ | કાર્યરત બચત જુથ ની બહેનો | ૩૦ | ૩૦ |

### ૯.૨૨ સ્વરોજગાર હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની યોજના :

પશુપાલનો વ્યવસાય તરીકે વિકાસ થાય, ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારીની તકો ઉભી થાય તથા શહેરીકરણ ને અટકાવા માટે ગુજરાત સરકાર દ્વારા ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની સહાયની યોજના વર્ષ ૨૦૧૮-૧૯ માં અમલમાં મુકવામાં આવેલ હતી. તેમા ત્રણ કમ્પોનેટ જેવાકે કેટલશેડ નું બાંધકામ (૬૦૦ સ્કવેર ફુટ), ૧૨ દૂધાળા પશુની ખરીદી તથા પશુ વીમા પ્રીમીયમ ફરજીયાત છે. જેમા સહાયનું ધોરણ કેટલશેડ માટે રૂા. ૩.૦૦ લાખના યુનિટ ખર્ચની સામે રૂા. ૧.૫૦ લાખ સહાય, પશુ ખરીદીમાં ૫ વર્ષ માટે ૮.૫% લેખે લોનમાં વ્યાજ સહાય તથા પશુ વિમા પ્રીમીયમ માં રૂા. ૪૩,૨૦૦ ની સહાયનું ધોરણ રાખવા માં આવેલ હતું આ ઉપરાંત મરજીયાત કમ્પોનન્ટ જેવા ચાફકટર માં રૂા. ૧૮૦૦૦, મીલ્કીંગ મશીન માટે રૂા ૩૩,૭૫૦ તથા ફોગર સીસ્ટમ માટે રૂા. ૯૦૦૦ સહાય આપવામાં આવશે. આમ એકમ દીઠ પ્રથમ વર્ષ માટે અનુ. જનજાતિ, અનુજાતી તથા મહિલા લાભાર્થીને અંદાજીત રૂા. ૩,૦૬,૩૫૦ ની સહાય મળવા પાત્ર થશે. ચાલુ વર્ષ દરમ્યાન આ યોજના સુરત અને તાપી જીલ્લામાં કુલ ૮ યુનિટની સ્થાપના કરવામાં આવી છે. અત્યાર સુધીમાં નીચે પ્રમાણેની કામગીરી થયેલ છે.

| ક્રમ | જીલ્લો | મંજુર થયેલ યુનિટ | અત્યાર સુધીમાં સ્થાપના થયેલ યુનિટ સંખ્યા | કુલ થયેલ પશુ ખરીદી (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | સુરત | ૧ | ૧ | ૧૨ |
| ૨ | તાપી | ૯ | ૭ | ૮૪ |

### ૯.૨૩ શ્રી વાજપાઈ બેંકેબલ યોજના :

જીલ્લા ઉધોગ કેન્દ્ર સુરત તથા તાપી સંચાલિત શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત લાભાર્થી પશુપાલકોને દૂધાળા પશુ (૧ થી ૪) તથા સુમુલ દાણ માટે અનુ.જાતિ, અનુ.જન જાતિ મહિલા તથા અપંગ લાભાર્થીઓને ૪૦ ટકા તથા સામાન્ય લાભાર્થી ઓને ૨૫ ટકા સહાય આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | દૂધ મંડળી | ૮૬ | ૮૦ |
| ૨ | લાભાર્થી | ૩૭૬ | ૨૦૩ |
| ૩ | આપેલ પશુ | ૯૧૮ | ૬૨૮ |
| ૪ | બેંકે ચુકવેલ રકમ (લાખમાં) | ૬૪૨.૬૦ | ૪૩૯.૬૦ |

### ૯.૨૪ સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ ( આઈ.ડી.ડી.પી) :

સરકારશ્રીના આદિજાતી વિકાસ વિભાગ દ્વારા સુમુલ ડેરીના કાર્યક્ષેત્રમાં તબક્કાવાર બી.પી.એલ આદિજાતી લાભાર્થીઓ માટે સહાયથી દૂધાળા પશુ ખરીદી અને માળખાકિય સુવિધા ઉપલબ્ધી માટે યોજના મંજુર કરવામાં આવેલ છે. જે અંતર્ગત આજ દિન સુધી મા ૨૭,૨૨૦ દૂધાળા પશુઓ નજીકના સ્થળે " પશુ મેળા" યોજી દૂધાળા પશુનું વિતરણ કરેલ છે. જેની સામે સુરત અને તાપી જીલ્લા માં આજ દિન સુધીમાં કુલ ૮૭.૧૨ કરોડ સબસીડી પેટે યોજના અંતર્ગત સહાય પુરી પાડવામાં આવેલ છે.

જેમાથી ચાલુ વર્ષમાં કુલ ૨૫૪૧ દૂધાળા પશુઓનું વિતરણ કરી ૧૪૪૮.૮૯ લાખ રૂપિયા સબસીડી પેટે યોજના અંતર્ગત સહાય આપી આદિજાતી લાભાર્થીઓને દૂધ વ્યવસાયમાં સાંકળી લીધેલ છે. જેમા પશુ યુનિટ દીઠ રૂપિયા ૫૮,૦૦૦/- ની સહાય પુરી પાડવામાં આવેલ છે. જે પૈકિ ૩ વર્ષના પશુ વિમાનું પ્રિમિયમ, સુમુલ દાણ અને પશુપાલન અંગેની તાલીમ પણ સહાય સ્વરૂપે આપવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ |
|---|---|---|---|---|
| ૧ | પશુની ખરીદી | (સંખ્યા) | ૨,૦૩૧ | ૨,૫૪૧ |
| ૨ | સબસીડીની રકમ રૂા. | (લાખ) | ૯૧૩.૯૫ | ૧૪૪૮.૮૯ |
| ૩ | લોનની રકમ રૂા. | (લાખ) | ૪૫૬.૩૫ | ૭૨૩.૦૨ |

# "રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ એવોર્ડ – ૨૦૨૪"

## પ્રથમ ક્રમ



માનનિય મહામહિમ ઉપરાષ્ટ્રપતિ શ્રીમાન જગદિપ ધનખડ ના હસ્તે સુમુલ ડેરી ફુડ ફેક્ટરી ને પ્રથમ ક્રમે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ એવોર્ડ - ૨૦૨૪ સ્વીકારતા સુમુલ ડેરીના પ્રમુખ શ્રી માનસિંહભાઈ કે. પટેલ અને ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ કે. પાઠક.

# સુમુલની ખ્યાતિગાથા : રાષ્ટ્રીય



અમુલ
વૃક્ષારોપણ -
એવોર્ડ ૨૦૨૦-૨૧
દ્વિતિય ક્રમાંક

## સુમુલ ડેરી - સુરત પ્લાન્ટ




SGCCIદ્વારા ઊર્જા સંરક્ષણમાં ઉત્તમ કામગીરી માટે કલરટેક્સ એવોર્ડ તેમજ પર્યાવરણ સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ માટે શ્રી નિમિષ વાશી એવોર્ડ (૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ )

મેરિટ સર્ટિફિકેટ
(ઊર્જા સંરક્ષણ એવોર્ડ–૨૦૨૩)

## નવી પાારડી પ્લાન્ટ




રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ એવોર્ડ -૨૦૨૩ પ્રથમ ક્રમાંક (ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ ના હસ્તે)

શ્રી નિતિન ગડકરીના હસ્તે ઈન્ડિયન ડેરી એસોસિએશન (પશ્ચિમ ઝોન) દ્વારા બેસ્ટ ડેરી પ્લાન્ટ એવોર્ડ -૨૦૨૪

ઈન્ટર ડેરી -૨૦૨૪ માં **IDA** દ્વારા **5 LLPD** ક્ષમતા માટે શ્રેષ્ઠ કામગીરી અને સંચાલન બદલ એવોર્ડ



અમુલ
વૃક્ષારોપણ -
એવોર્ડ ૨૦૨૨-૨૩
દ્વિતિય ક્રમાંક




ઈફકો દ્વારા સુમુલ ડેરીના પ્રમુખ શ્રી માનસિંહ કે. પટેલને 'ઈફકો સહકાર રત્ન એવોર્ડ-૨૦૨૫'



**SGCCI** દ્વારા સુમુલ ડેરીના એમ.ડી. સીએ શ્રી અરૂણ પુરોહિતને શ્રેષ્ઠ સી.ઈ.ઓ-કમ-એમ.ડી તરીકે 'ભવાનીબેન એમ. મહેતા એવોર્ડ'

# અને રાજય સ્તરે મેળવેલા એવોર્ડ



અમુલ
વૃક્ષારોપણ -
એવોર્ડ ૨૦૨૧-૨૨
દ્રિતિય ક્રમાંક

## સુમુલ ફુડ ફેકટરી (THR પ્લાન્ટ)




**SGCCI** દ્રારા ૨૦૨૩–૨૪ માટેનો "કલરટેકસ એવોર્ડ" ઊર્જા બચતના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી બદલ

રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ એવોર્ડ-૨૦૨૪ પ્રથમ ક્રમાંક (ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદિપ ઘનખડ ના હસ્તે)

## સુમુલદાણ ફેકટરી, બાજીપુરા




રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ એવોર્ડ-૨૦૨૧ પ્રથમ ક્રમાંક (કેન્દ્રિય ઊર્જા મંત્રી શ્રી આર.કે. સિંહ ના હસ્તે)



**FSSAI** દ્રારા ઈન્ટરનેશનલ યર ઓફ મીલેટસ ઉજવવા બદલ એવોર્ડ







વિશ્વ સ્ટાન્ડર્ડ દિવસ-૨૦૨૩ તેમજ ૨૦૨૪ નિમિત્તે **BIS** (ભારતીય માનક બ્યુરો), સુરત કચેરી દ્રારા સ્ટાન્ડર્ડ પ્રચાર પ્રવૃત્તિઓમાં ઉત્તમ યોગદાન બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.




અમુલ
વૃક્ષારોપણ -
એવોર્ડ ૨૦૨૩-૨૪
દ્રિતિય ક્રમાંક

## “ગોબર સે ગ્લોબલ : ૭૫ ટન કેપેસિટી નો ગોબર આધારિત સીબીજી (કમ્પ્રેસ્ડ બાયોગેસ) પ્લાન્ટ માટે NDDB, સુઝુકી અને સુમુલ ડેરી વચ્ચે ત્રિપક્ષીય કરાર”




## આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ અને સુમુલ ડેરીનો ૭૪મો સ્થાપના દિવસ ઝિમ્બાબ્વે ડેલિગેશનની ઐતિહાસિક મુલાકાત





**૯.૨૫ કૃત્રિમ બિજદાન તાલીમ કેન્દ્ર :**

સંઘ દ્વારા ચલાવામાં આવતા કૃત્રિમ બીજદાન તાલીમ કેન્દ્રમાં આપણાં સંઘના કાર્યક્ષેત્રે ઉપરાંત સમગ્ર રાજયમાં અન્ય સંઘો દ્વારા પણ તાલીમ અર્થે તાલીમાર્થી આવે છે. કૃત્રિમ બીજદાન તાલીમ કેન્દ્રમાં થીયરી અને પ્રેકટીકલનું ઉચ્ચ ગણવત્તાવાળુ શિક્ષણ આપવામાં આવે છે. સંઘ દ્વારા પશુપાલનને લગતી વિવિધ યોજનાઓની માહિતી પણ આપવામાં આવે છે. જેની ગ્રામ્ય કક્ષાએ પશુપાલન અંગે પાયાની કામગીરી સુદઢ બનાવી શકાય તેમજ તેને પોષણ સમ બનાવી શકાય. તાલીમ દરમ્યાન પશુપાલન વ્યવસાયને વૈજ્ઞાનિક અભિગમ સાથે પશુપાલકોને ઉપયોગી માહિતીથી તાલીમાર્થીઓને અવર્ગત કરવામાં આવે છે.અહેવાલના વર્ષ દરમ્યાન નીચે જણાવ્યા મુજબ આપણા તાલીમ કેન્દ્રમાં સફળ તાલીમ મેળવેલ છે.

| ક્રમ | તાલીમ | તાલીમનાં દિવસ | ૨૦૨૩–૨૪ | | ૨૦૨૪–૨૫ | |
|---|---|---|---|---|---|---|
| | | | સુમુલ | અન્ય | સુમુલ | અન્ય |
| ૧ | કૃત્રિમ બિજદાન અને પશુ પ્રાથમિક સારવાર | ૪૨ | ૨૨ | ૦ | ૪૩ | ૦ |

**૯.૨૬ પ્રગતિશીલ દૂધ ઉત્પાદક વિકાસ કાર્યક્રમ ( એન્ટરપ્રિન્યરશીપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ ) હેઠળ કોમર્શિયલ ડેરી ફાર્મિંગ તરફ એક કદમ :**

કોઈપણ વ્યવસાયમાં સફળ થવા માટે પાયાની તાલીમ હોવી અત્યંત જરૂરી છે. આપણા વિસ્તારમાં પશુપાલકો વધુ દૂધાળા પશુ રાખી દૂધ વ્યવસાય સાથે સંકળાયેલા છે. આવા પશુપાલકો દ્વારા તેઓનો અનુભવ અને પશુપાલન વ્યવસાયમાં સફળતા માટે વૈજ્ઞાનિક ધારાધોરણ માટે તજજ્ઞો ના તાંત્રિક માર્ગદર્શનનો સમન્વય થાય તો આ વ્યવસાયને વધુ નફાકારક બનાવી શકે અને તેઓને પ્રોત્સાહન મળવાથી તેઓ વ્યવસાયને વિસ્તરણ પણ કરે અને આવા પશુપાલકો અન્ય પશુપાલકો માટે રોલ મોડલ બને તેવા શુભ આશયથી પાંચ દિવસની સઘન તાલીમ કાર્યક્રમ થકી એક સફળ ઉદ્યોગકાર વ્યવસ્થા થકી કઈ રીતે બની શકે તેવુ આયોજન હાથ ધરેલ છે. આ કાર્યક્રમમાં તાંત્રિક માહિતી સભર પુસ્તિકા અને પ્રત્યક્ષ વધુ જ્ઞાન/માહિતી માટે અન્ય જીલ્લામાં મોટા સફળ ઢબે ડેરી ફાર્મ મુલાકાત થકી આ કાર્યક્રમને આપણા સંઘ દ્વારા પ્રાથમિકતા આપવામાં આવેલ છે.

આપણા કાર્ય વિસ્તારમાં દૈનિક ૫૦ લિટરથી વધુ દૂધ ભરતા ૨૯૮ પશુપાલકોને આ કાર્યક્રમ હેઠળ આવરી લીધેલ છે. દર માસે સંઘના તજજ્ઞો દ્વારા તેમના ફાર્મ ની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા ફાર્મ કન્સલટન્સી પુરી પાડી વૈજ્ઞાનિક ઢબે નફાકારક પશુપાલન વ્યવસાયને વધુ ગતિશીલ બનાવવા એક કદમ આપણે આગળ જઈ રહયા છીએ. આવનારા વર્ષમાં આવા પશુપાલકોની સંખ્યામાં ઉમેરો થાય અને તેઓની આવક બમણી કરી શકાય તેવા ચોકકસ ધ્યેય સાથે આગળ વધી રહયા છીએ.

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | તાલીમાર્થી ની સંખ્યા | ૩૮૨ | ૨૯૮ |

**૯.૨૭ સુમુલ–સુ.ડી.કો દૂધ ગંગા પશુલોન યોજના :**

દૂધ પ્રવૃતિને વેગવાન બનાવવામાં માટે અને પશુપાલન ધંધાને વધુ પ્રોત્સાહન મળી શકે તે હેતુથી સંઘ દ્વારા '' અમલીકૃત પશુલોન યોજના '' ની વિગત દર્શાવતુ કોષ્ટક.

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ | ૨૦૨૪–૨૫ |
|---|---|---|---|
| ૧ | દૂધ મંડળી (સંખ્યા) | ૨૧૨ | ૩૭૦ |
| ૨ | લાભાર્થી (સંખ્યા) | ૩,૩૬૧ | ૮,૩૦૪ |
| ૩ | વિતરણ કરેલ પશુ (સંખ્યા) | ૩,૪૪૩ | ૯,૦૫૧ |
| ૪ | લોન પેટે ચુકવેલ રકમ (કરોડમાં) | ૨૨.૭૫ | ૫૯.૮૧ |

**૯.૨૮ આઈ ખેડુત પોર્ટલ સાધન સહાય યોજના :**

પશુપાલન ખાતુ ગુજરાત રાજયની આઈ ખેડુત પોર્ટલ સાધન સહાય અંતર્ગત આપણા બંને જીલ્લાના પશુપાલકો નીચે મુજબ સાધન સહાય તથા સબસિડી મળેલ છે.

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૨૩-૨૪ | | ૨૦૨૪-૨૫ | |
|---|---|---|---|---|---|
| | | સાધન (સંખ્યા) | સહાય રૂા. (લાખમાં) | સાધન (સંખ્યા) | સહાય રૂા. (લાખમાં) |
| ૧ | પાવર ડ્રીવન ચાફકટર | ૧૬૫ | ૨૯.૭૦ | ૧૪૫ | ૨૬.૧૦ |
| ૨ | બ્લક મિલ્ક કુલર | ૦૦ | ૦૦.૦૦ | ૦૦ | ૦૦.૦૦ |
| ૩ | દૂધ ઘર | ૦૦ | ૦૦.૦૦ | ૦૦ | ૦૦.૦૦ |
| ૪ | ગોડાઉન | ૦૦ | ૦૦.૦૦ | ૦૦ | ૦૦.૦૦ |
| ૫ | એનીમલ લીફટીંગ ટ્રેવીસ | ૨૦ | ૦૬.૪૦ | ૨૪ | ૬.૪૩ |
| ૬ | મિલ્કીંગ મશીન | ૦૧ | ૦૦.૩૪ | ૧ | ૦.૩૪ |

**૯.૨૯ મસ્ટાઈટીસ પ્રિવેન્શન પ્રોગ્રામ (MPP) :**

દૂધાળા પશુઓમાં ખાસ કરીને વધુ દૂધ આપતા પશુઓમાં મસ્ટાઈટીસ (ધાવરૂ/ખાપરી) વધુ જોવા મળે છે. જો આ બીમારીનું સમયસર નિદાન કરી સારવાર કરવામાં આવે તો પશુઓને આ રોગની ગંભીર અસરથી બચાવી તેના દૂધ ઉત્પાદનમાં થતો ઘટાડો અને તીવ્ર રોગના કારણે આંચળ અને બાવલામાં થતી કાયમી ખોડખાપણ અટકાવી પશુપાલકોનું મોટુ આર્થિક નુકશાન બચાવી શકાય. આ માટે મહત્વનું જાગૃતિ કાર્યક્રમ આપણા સંઘે જી.સી.એમ.એમ.એફ ના સહયોગથી અમલી બનાવેલ છે. આ વર્ષમાં આ કાર્યક્રમ હેઠળ કુલ ૩૧૩ દૂધ મંડળીઓ આવરી લીધેલ છે.

આ કાર્યક્રમમાં પ્રથમ તબકકામાં મંડળી લેવલે દૂધ ભરતા સભાસદોની બરણીમાથી દૂધનું સેમ્પલ લઈ ચકાસણી કરી છુપા ધાવરાના રોગના પોઝીટીવ સેમ્પલવાળા પશુપાલકના પશુઓના દૂધના નમુનાની ચકાસણી કરી પોઝીટીવ પશુઓને ટ્રાયસોડીયમ સાઈટ્રેટ નામની દવા આપી સારવાર કરવામાં આવે છે. જેની આંકડાકીય માહીતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩-૨૪ (સંખ્યા) | ૨૦૨૪-૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | દૂધના સેમ્પલના સીએમટી ટેસ્ટ કરેલ સભાસદ (પહેલો રાઉન્ડ) | ૪૦,૨૬૪ | ૪૨,૬૪૨ |
| ૨ | દૂધના સેમ્પલના સીએમટી ટેસ્ટ કરેલ પોઝીટીવ સભાસદ (પહેલો રાઉન્ડ) | ૨૧,૭૯૧ | ૨૨,૬૧૧ |
| ૩ | પશુ દીઠ સીએમટી ટેસ્ટ | ૨,૨૬,૦૧૪ | ૨,૫૭,૧૬૮ |
| ૪ | સીએમટી ટેસ્ટ માં પશુ (પહેલો રાઉન્ડ) | ૧,૩૭,૩૬૪ | ૧,૫૭,૩૬૭ |
| ૫ | સીએમટી ટેસ્ટ માં પોઝીટીવ પશુ (પહેલો રાઉન્ડ) | ૮૮,૮૦૬ | ૯૯,૮૫૫ |
| ૬ | સીએમટી ટેસ્ટ માં પશુ (બીજો રાઉન્ડ) | ૮૮,૬૫૦ | ૯૯,૮૦૧ |
| ૭ | સીએમટી ટેસ્ટ માં પોઝીટીવ પશુ (બીજો રાઉન્ડ) | ૨૪,૦૫૬ | ૩૦,૧૦૦ |
| ૮ | ટ્રાઈસોડીયમ સાઈટ્રેડ આપેલ પશુ | ૧,૧૨,૮૬૨ | ૧,૨૯,૪૩૦ |
| ૯ | ટ્રાઈસોડીયમ સાઈટ્રેડ આપ્યા બાદ સુધારો થયેલ પશુ | ૬૪,૭૫૦ | ૬૯,૭૫૫ |
| ૧૦ | ટ્રાઈસોડીયમ સાઈટ્રેડ આપ્યા બાદ સુધારો થયેલ પશુ(ટકાવારી મુજબ) | ૭૨.૯૧ | ૬૯.૮૫ |



## ૯.૩૦ ઈથનોવેટ કાર્યક્રમ (ઈ.વી.પી.) :

જી.સી.એમ.એમ.એફ. આણંદના સહયોગથી ઈથનોવેટ કાર્યક્રમ ( ઈ.વી.પી ) સંઘના કાર્યક્ષેત્રમાં અમલ કરવામાં આવેલ છે. પશુ સારવાર પધ્ધતિમાં ઈથનોવેટ પ્રેકટીસ દ્વારા એન્ટીબાયોટીક દવાનો વપરાશ ઘટાડવા સાથે ઉત્તમ ગુણવત્તા યુકત દૂધ ઉત્પાદન કરવાના હેતુસર આ કાર્યક્રમ અમલ કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | ઈ.વી.પી. અંતર્ગત કુલ કેસ | ૨,૯૬૧ | ૫,૫૨૯ |

## ૯.૩૧ સામુહિક કૃમિ નિવારણ અભિયાન :

ચોમાસાની ઋતુ દરમ્યાન પશુઓમાં આંતરીક કૃમિજન્ય રોગો વધુ પ્રમાણમા જોવા મળે છે. પશુઓમાં આંતરીક કૃમિજન્ય રોગોથી દૂધ ઉત્પાદનમાં ઘટાડો, શરીરનો વિકાસ રુંધાવો, નબળાઈ, ઝાડાની બીમારી, પાચનની તકલીફ તેમજ વંધ્યત્વને લગતી તકલીફ વધારે જોવા મળે છે. જેના નિવારણ માટે સંઘ દ્વારા સામુહિક કૃમિ નિવારણ અભિયાન અંતર્ગત કૃમિનાશક ટેબલેટ–બોલસ નું વિતરણ કરવામાં આવે છે. જેના પર ૫૦ ટકા સહાય આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | | ૨૦૨૩–૨૪ | ૨૦૨૪–૨૫ |
|---|---|---|---|---|
| ૧ | કુલ આવરેલ પશુ | (સંખ્યા) | ૩,૪૮,૮૨૧ | ૩,૦૭,૮૫૦ |
| ૨ | કુલ રકમ | (રૂપિયા) | ૬૧,૦૪,૪૧૨ | ૫૭,૭૯,૭૩૯ |
| ૩ | સહાય ની રકમ | (રૂપિયા) | ૩૦,૫૨,૨૦૬ | ૨૭,૭૦,૬૫૦ |

## ૯.૩૨ સાઈલેજ :

લીલા ઘાસચારા ને લાંબા સમય સુધી સંગ્રહ કરી શકાય અને તેના પોષક તત્વો મુલ્યો જળવાયેલા રહે તે હેતુસર સાઈલેજ એ વિશ્વ કક્ષાએ સર્વ સ્વીકૃત છે. ત્યારે આપણે પણ આ દિશામાં ઝડપભેર આગળ વધવાની ખાસ જરૂર છે.

વિવિધ પશુ આહાર ના ઘટકોની કિંમતમાં થતો સતત વધારો અને ઉપલબ્ધતા માં થતો ઘટાડો જોતા લીલો ઘાસચારા દૂધાળા પશુઓ માટે પોષક તત્વો નો સરળ અને યોગ્ય સ્ત્રોત છે. પરંતુ લીલાચારા ની નીયમિત ઉપલબ્ધતા જાળવી રાખવાં માટે લીલા ચારાની સાચવણી ખુબજ આવશ્યક છે, ખાસ કરીને જયારે ચારાની અછત હોય ત્યારે પશુને ખવડાવા માટે વર્ષ દરમ્યાન વિવિધ ઋતુમાં ઉંચી ગુણવતા યુકત ચારો નિયમીત મળી રહે તે માટે '' સાઈલેજ '' ના રૂપમાં લીલાચારા ની સાચવણી એક ઉત્તમ ઉપાય છે. સાઈલેજ એક સંરક્ષિત લીલીચારો છે વર્ષ દરમ્યાન સંઘ દ્વારા પશુપાલકોને પ્રોત્સાહન રૂપે ૨૫ ટકા સહાયથી એપ્રિલ–૨૦૨૪ થી જુન–૨૦૨૪ તથા જાન્યુઆરી–૨૦૨૫ થી માર્ચ–૨૦૨૫ દરમ્યાન કુલ ૧૭૦૨ મે.ટન સાયલેજ નું વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | | ૨૦૨૩–૨૪ (સંખ્યા) | ૨૦૨૪–૨૫ (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | પશુપાલકો દ્વારા બનાવેલ સાયલેજ | (મે.ટન) | ૩૩૦ | ૨૧૦ |
| ૨ | સંઘ દ્વારા વિતરણ કરેલ સાયલેજ | (મે.ટન) | ૨,૪૯૮ | ૫,૩૮૦ |

## ૧૦. કવોલીટી એશ્યોરન્સ, કવોલીટી કંટ્રોલ અને આઈ.એસ. ઓ. સિસ્ટમ :

દૂધનાં રસાયણીક પૃથ્થકરણ કરવા સુમુલ ડેરી સુરત ની લેબોરેટરીને નવા બે અત્યાધુનિક મશીન FT3 થી સુસજ્જ કરવામાં આવી છે. જે દૂધના રસાયણીક પૃથ્થકરણ તથા દૂધમાં થતી ભેળસેળ અંગે વધુ માહિતી આપવા સક્ષમ છે. આ મશીન હાલના કાર્યરત મશીન કરતા દૂધની તપાસ ઓછા સમયમાં કરે છે. આ અદ્યતન મશીન પર આપણા દરેક પરિક્ષણો ચોકકસાઈ પૂર્વક હાથ ધરી શકાય છે. ક્ષણિક લાભ પ્રાપ્તિ માટે જેઓ દૂધમાં ભેળસેળ કરે છે તેનું સચોટ પરીક્ષણ થઈ શકે છે.

## ૧૧. નવા પ્રોજેક્ટ અને વિકાસના કાર્યક્રમો :

સુરત–તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ સુમુલ, ડેરી દ્રારા દૂધ સંપાદન અને દૂધ વિતરણ ની કાર્યવાહી માં ઉત્તરોત્તર વધારો થતા આવેલ દૂધ ની પ્રોસેસ પ્રક્રિયા ને વધુ વેગવંતી બનાવવા માટે સંઘ ધ્વારા અવનવી પ્રોડ્કટસ બજારમાં મુકવા અને પ્લાન્ટની દૂધ/છાસ/પ્રોડકટની હેન્ડલીંગ ક્ષમતામાં વધારો કરવા માટે આધુનિક ટેકનોલોજીની મશીનરીઓના ઉપયોગ કરીને જુદા જુદા વિભાગમાં તબકકાવાર વિસ્તૃતિકરણ કરવામાં આવેલ છે. જેની ટુંકમાં વિગત નીચે મુજબ છે.

- સુમુલ ડેરી, સુરત ખાતે રેફ્રીજરેશન પ્લાન્ટ એક્ષ્યાન્શન કરવા માટે ઓર્ડર આપેલ છે. જેમા જરૂરી સિવીલ કામ તથા મશીનરીઝ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરવામાં આવેલ છે. આ એક્ષ્પાન્શન દ્રારા મિલ્ક પ્રોસેસીંગ ક્ષમતામાં વધારો કરી શકાશે.

- સુમુલ ડેરી, સુરત ખાતે ૨૦૦ એમ.એલ. પ્લાસ્ટીક કપમાં સુમુલ લસ્સી પેકીંગ કરવા માટે ૪૮૦૦ કપ પ્રતિ કલાક ની કેપીસીટી નું લસ્સી કપ પેંકીગ મશીનરીઝ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

- સુમુલ ડેરી, સુરત સંઘના નવી પારડી ડેરી ખાતે જુના ચીલીંગ સેન્ટરની જગ્યાએ ૨૦ મેટ્રીક ટન પ્રતિ દિવસની ક્ષમતાવાળો નવો અમુલ દહીં પ્લાન્ટ પ્રસ્થાપિત કરવા મિકેનીકલ મશીનરીઝ માટે ઓર્ડર આપેલ છે. મશીનરીઝ ઈન્સ્ટોલ કરી ટુક સમયમાં કાર્યરત કરવામાં આવશે. જેના દ્રારા પીક સીઝન દરમ્યાન માર્કેટની જરૂરીયાતને સમયસર પહોચાડી શકશે.

- સુમુલ ડેરી, સુરત સંઘના કેટલ ફીડ ફેકટરી બાજીપુરા ખાતે લાઈન – ૨ માંથી ડાઈવર્ઝન કરી ૨૫ MTPD ની કેપેસીટી ધરાવતી થર્ડ લાઈન ૪ એમ.એમ. પેલેટ માટે જે જરૂરી મશીનરીઝ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરવામાં આવેલ છે. જેના દ્રારા પીક સીઝન દરમ્યાન મંડળીઓની જરૂરીયાતને સમયસર પહોચાડી શકશે.

- સુમુલ ડેરી, સુરત સંલગ્ન બી.સી.યુ ધરાવતી સુરત–તાપી જિલ્લાઓની પૈકી ૮૦ મંડળીઓ ઉપર ૬ કિલોવોટ થી લઈ ૩૦ કિલોવોટ સુધી જરૂરીયાત મુજબ રૂફ ટોપ સોલાર પાવર સીસ્ટમ લગાવી કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ સુમુલ ડેરી સુરત, નવી પારડી ડેરી, ટી.એચ.આર. પ્લાન્ટ ચલથાણ અને સુમુલ દાણ ફેકટરી બાજીપુરા માટે સોલાર પોલિસી–૨૦૨૧ મુજબ ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર પાવર પ્લાન્ટ લગાવવા અંગે ટેકનિકલ સ્ક્રુટીનાઈઝડ કરી આગળ વધવાનું નકકી કરેલ છે.

- સુમુલ ડેરી, સુરત સંઘના લાહે પ્લાન્ટ ખાતે રેફ્રીજરેશન પ્લાન્ટ એક્ષ્પાન્શન તથા તેને સંલગ્ન ઈલેકટ્રીકલ, મિકેનીકલ કામ કરવા માટે ઓર્ડર આપેલ હતો મશીનરીઝ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરવામાં આવેલ છે. આ એક્ષ્પાન્શન દ્રારા ભવિષ્યમાં મિલ્ક પ્રોસેસીંગ ક્ષમતા વધારો કરી શકાશે.

- સુમુલ ડેરી, સુરત સંઘના લાહે પ્લાન્ટ ખાતે વોટર સપ્લાય સીસ્ટમ માટે ૩૦ મીટર કયુબ પ્રતિ કલાકની ક્ષમતાવાળો વોટર સોફટનીગ પ્લાન્ટ માટે ઓર્ડર આપેલ છે. જે અંગે જરૂરી મશીનરીઝ ઈન્સ્ટોલ કરી ટુક સમયમાં કાર્યરત કરવામાં આવશે.

- સુમુલ ડેરી, સુરત સંઘના લાહે પ્લાન્ટ ખાતે ફુલી ઓટોમેટીક થ્રી સર્કીટ સી.આઈ.પી. સીસ્ટમ ખરીદી કરવા માટે ઓર્ડર આપેલ છે. ફુલી ઓટોમેટીક થ્રી સર્કીટ સી.આઈ.પી. સીસ્ટમ ની મશીનરીઝ ઈન્સટોલ કરી કાર્યરત કરવામાં આવશે. આ સીસ્ટમ નું ઈન્સ્ટોલેશન કરી દૂધની ગુણવત્તામાં સુધારો કરી શકાશે.

- સુમુલ ડેરી, સુરત સંઘના લાહે પ્લાન્ટ ખાતે દૂધ અને દહી સ્ટોર કરવા માટે કોલ્ડ રૂમ અને દહી ઈન્કયુબેશન રૂમ બનાવવા માટે ઓર્ડર આપેલ છે. જે અંગે જરૂરી મશીનરીઝ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરવામાં આવેલ છે. જેના દ્રારા પીક સીઝન દરમ્યાન માર્કેટની જરૂરીયાતને સમયસર પહોચાડી શકશે.

## ૧૨. ભવિષ્યનાં પ્રોજેક્ટ :

- સુમુલ ડેરી, સુરત સંઘના કેટલ ફીડ પ્લાન્ટ બાજીપુરા ખાતે દાણ ગોડાઉન બનાવવાનું કામ વિચારણા હેઠળ છે.આ ગોડાઉન બનાવવાથી રો–મટીરીયલ સ્ટોરેજ ક્ષમતા વધારો થશે અને સીઝનેબલ ભાવો માં વધઘટ નાં ફાયદા લઈ શકાશે.



- સુમુલ ડેરી, સુરત સંઘના કેટલ ફીડ પ્લાન્ટ બાજીપુરા ખાતે હાઈવે પર પાર્લર બનાવવાનું કામ માટે આગળ વધવાનું નકકી કરવામાં આવેલ છે.

- સુમુલ ડેરી, સુરત સંઘના ગોવા પ્લાન્ટ પ્રોજેકટ અંતર્ગત ફેડરેશનના માર્ગદર્શન મુજબ ૨ લાખ લિટર પ્રતિ દિવસની ક્ષમતા વાળો ડેરી પ્લાન્ટ, ૧૦ હજાર લિટર પ્રતિ દિવસની ક્ષમતા વાળો બટર મિલ્ક પ્લાન્ટ, ૨૦ ટન પ્રતિ દિવસની ક્ષમતા વાળો દહી પ્લાન્ટ, ૨૦ હજાર લિટર પ્રતિ દિવસની ક્ષમતાવાળો આઈસ્ક્રીમ પ્લાન્ટ, ૨૦ ટન પ્રતિ દિવસની ક્ષમતાવાળો પનીર પ્લાન્ટ (ફ્રોઝન પનીર સાથે) નું ઈન્સ્ટોલ કરવાનું આયોજન કરલે છે.

- સુમુલ ડેરી, સુરત સંઘના નવી પારડી ડેરી ખાતે ૧૬ ડિગ્રી આઈસ્ક્રીમ વેફલ કોન ફીલીંગ લાઈન, હાર્ડનીંગ ટનલ તથા પીક અને પ્લેસ રોબોટીક સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાનું આયોજન કરેલ છે.

- સુમુલ ડેરી, સુરત સંઘના નવી પારડી ડેરી ખાતે આઈસ્ક્રીમ પ્લાન્ટનું નવું ૧૬ ડિગ્રી વેફલ કોન મશીન લગાવવા માટે જરૂરી સંલ્ગ્ન એજીંગ ટેન્કસ, ફલેવર્ડ મિકસીંગ ટેન્કસ, ફીઝર, ફ્રુટ ફીડર અને લોડીંગ લાઈન, ઓટોમેટીક વાલ્વસ સહિત ઓટોમેશન કરાવવાનું ઓયોજન કરેલ છે.

**૧૩. ઋણ સ્વીકાર :**

આપણી સંસ્થા, દૂધ મંડળીઓ અને દૂધ ઉત્પાદકોના વિકાસ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર તરફથી સહયોગ મળેલ છે. જે બદલ માન. વડાપ્રધાનશ્રી, માન. સહકાર મંત્રી તથા રાજ્યના મુખ્યમંત્રીશ્રી, સહકાર મંત્રી અને સરકારશ્રીના તમામ સંબધિત વિભાગીય અધિકારીઓ ના ખાસ આભારી છીએ.

ફેડરેશન આણંદના અધ્યક્ષશ્રી તથા મેનેજીંગ ડિરેકટરશ્રી તથા સભ્ય સંઘોના અધ્યક્ષશ્રીઓ તથા મેનેજીંગ ડિરેકટરશ્રીઓ, જનરલ મેનેજરશ્રીઓનું વખતો વખત માર્ગદર્શન મળતું રહ્યુ છે. જે બદલ તેઓના પણ આભારી છીએ.

આપણ ને જયારે જયારે જરૂર પડી છે. ત્યારે, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના અધ્યક્ષ તથા મેનેજીંગ ડિરેકટરશ્રીના વખતો વખત માર્ગદર્શન અને સહકાર બદલ આભારી છીએ.

રાજ્ય સરકાર તેમજ તેના સંલગ્ન ખાતાઓ વિશેષ કરી પશુપાલન ખાતા, સહકાર ખાતા, જિલ્લા રજીસ્ટ્રારશ્રી સુરત તેમજ તાપી, ટ્રાઈબલ સબ પ્લાન માંડવી તેમજ સોનગઢ, જિલ્લા પંચાયત સુરત અને તાપી તેમજ વિવિધ તાલુકા પંચાયતો તરફથી મળેલ સહકાર બદલ આભારી છીએ.

મે. જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સ્પેશયલ ઓડિટરશ્રી(મિલ્ક), મિલ્ક ઓડીટ ઓફિસ, સુરત અને વૈદ્યાનિક અન્વેષક કર્મા એન્ડ કું (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ), સુરત ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેંક તેમજ અન્ય સહકારી બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, ટોરેન્ટ પાવર લિમિટેડ તથા ગુજરાત ગેસ કંપની તથા મહિધરપુરા પોલીસ સ્ટેશનના અધિકારીઓ તરફથી મળેલ સહકારની નોંધ લઈએ છીએ.

આપણા માનવંતા ગ્રાહકો, દૂધ વિતરણ એજન્ટો, ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરો, વેપારી મિત્રો તરફ થી પણ સહકાર મળેલ છે. તેની કામગીરીને બિરદાણી સગર્વ નોંધ લઈએ છીએ.

આપણા સંચાલન અને વિસ્તરણ કાર્યક્રમોમાં દૂધ મંડળીઓના પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, વ્યવસ્થાપક કમિટીના સભ્યશ્રીઓ અને સભાસદોનો સતત સહકાર મળ્યો છે. જે બદલ તેઓના આભારી છીએ.

અંતમાં સંઘના નિયામક મંડળના સાથી સભ્યોશ્રીઓ તરફથી વખતોવખત માર્ગદર્શન અને સહકાર મળતો રહયો છે. તે બદલ તેમનો આભાર માનું છું. સંઘના મેનેજીંગ ડિરેકટરશ્રી અરૂણ એચ. પુરોહિત, અધિકરીઓ અને કર્મચારી ગણનો સંસ્થા ના સંતોષકારક સંચાલન અને પ્રગતિમાં મહત્વનો ફાળો રહયો છે, તેઓએ આપેલ સેવાઓ ની વિશેષ નોંધ લઈ તેઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

**આપનો સહકારી**
**માનસિંહભાઈ કલ્યાણજીભાઈ પટેલ**
**પ્રમુખ**

# સુમુલ ડેરીએ આંતરાષ્ટ્રીય સહકારી વર્ષ ઉજવ્યું
# સુરત,ગુજરાત

## ''સમાજ પ્રત્યેના જવાબદારી'' તરીકે સ્વચ્છતા અભિયાન :

- સહકારના મૂળ સિદ્ધાંતોમાંના એક  સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ  ને ધ્યાનમાં રાખીને, **૧ મે ૨૦૨૫ (ગુજરાત સ્થાપના દિન)** ના દિવસે, સ્થાનિક ધાર્મિક સ્થાનો પર વિશેષ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવા માં આવ્યું.
- આ અભિયાનમાં  દૂધ ઉત્પાદક સભ્યો તેમજ ગામજનો એ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો અને સામુહિક પરિશ્રમ દ્વારા સ્વચ્છતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો.
- પર્યાવરણ અને સ્થાયી વિકાસ માટે મહત્વપૂર્ણ યોગદાન છે.

## કિસાન ક્રેડિટ કાર્ડ લોન મેળો :

- દૂધ ઉત્પાદકોને નાણાકીય રીતે સશક્ત બનાવવા, સુમુલ ડેરીએ સુરત જિલ્લા સહકારી બેંક સાથે મળીને કિસાન **ક્રેડિટ કાર્ડ (KCC)** લોન મેળાનું આયોજન કર્યું, જેમાં **૧૮૦૦થી વધુ દૂધ ઉત્પાદકોને** ખેતી અને પશુપાલન માટે લોન મળે તેનું આયોજન કરેલ છે.
- આ લોનથી તેઓએ પશુ ખરીદી, ચારો, તબીબી સારવાર તથા ખેતીના સાધનોમાં રોકાણ કરી શકશે  અને પોતાની આજના આજીવિકા ને વધુ સ્થિર અને લાભદાયી બનાવી શકશે.

## સહકારિતાને મજબૂતી-પારદર્શિતા અને સશક્ત સંચાલન માટે સંકલિત પ્રયાસો :

- સહકારી સંસ્થાઓમાં વિશ્વાસ, જવાબદારી અને પારદર્શિતાને મજબૂત કરવા સુમુલ ડેરીએ મંડળીઓમાં મોડેલ ઓડિટ નું આયોજન કરી ઓડિટ દ્વારા સભ્યોના નાણાંકીય હિતોની સુરક્ષા, વ્યવહારોની પારદર્શિતા અને ભવિષ્ય ની યોજનાઓ માટે ડેટાની સમીક્ષા સક્ષમ રીતે થઈ
- તેમજ મોડેલ વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરી સભ્યોને હિસાબ-કિતાબ, કામગીરી અને યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી અને ખુલ્લી ચર્ચા યોજાઈ.
- આ પહેલ લોકશાહી, જવાબદારી અને સહભાગિતાની ભાવનાને મજબૂત બનાવે છે અને સહકારના મૂળભૂત મૂલ્યોને જીવંત રાખે છે.

## યુવાનોમાં સહકારી જાગૃતિ માટે સંકલિત પ્રયાસો :

- યુવાનોમાં સહકારી ચેતના ફેલાવવા માટે શાળાઓ અને કોલેજોમાં નિબંધ, પ્રશ્નોતરી અને વક્તૃત્વ સ્પર્ધાઓ યોજાઈ. દક્ષિણાપથ વિદ્યાલય, સુરત જિલ્લા સહકારી બેંક કોર્મસ કોલેજ, તથા સાયણ ખાંડ ઉદ્યોગ આર્ટસ કોલેજ અને નવયુગ કોલેજમાં યોજાયેલા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આથી યુવાનો સહકારી ચળવળના શક્તિશાળી દૂત બની શકે છે એ સ્પષ્ટ થયું.
- સહકારના મૂલ્યો અને સિદ્ધાંતોને યુવા પેઢી સુધી પહોંચાડવા અને તેમને સહકારી વિચારસરણી સાથે જોડવા માટે સુમુલ ડેરી દ્વારા સંકલિત પ્રયત્નો કરવામાં આવ્યા.
- આ આયોજન થી  ઈતિહાસ, સિદ્ધાંતો, લાભો અને વર્તમાન સમયમાં તેની પ્રાસંગિકતા અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ થયો.



## સ્વંતત્ર અન્વેષકનો અહેવાલ

પ્રતિ,
સભ્યો શ્રી,
સુરત–તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
સુમુલ ડેરી, સુરત

### નાણાંકીય પત્રકો નો અહેવાલ

અમો એ આ સાથે બીડેલ સુરત–તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., સુરત ના તારીખ ૩૧મી માર્ચ ૨૦૨૫ ના રોજનું સરવૈયુ અને તે તારીખે પૂરા થતા વર્ષનું વેપાર અને નફા નુકશાન ખાતુ, રોકડ પ્રવાહ પત્રક, નોંધપાત્ર નાણાકીય નીતીઓનો સારાંશ તથા અન્ય જરૂરી ખુલાસાઓ તેમજ માહિતીઓ તપાસ્યા છે.

### નાણાંકીય પત્રકો અંગે મનેજમેન્ટની જવાબદારીઓ :

ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડીયા (**ICAI**) માં દર્શાવેલા હિસાબી ધોરણો (**Accounting Standard**) અન્વયે નાણાંકીય પત્રકો તૈયાર કરવાની જવાબદારી કે જેમાં સાચા અને વ્યાજબી પરીણામો મળે તે મેનેજમેન્ટની છે. આ જવાબદારીમાં હિસાબી રૂપરેખા, અમલીકરણ અને નાણાંકીય પત્રકો તૈયાર કરવા, જરૂરી અંકુશ નિભાવવાં, કે જે ભુલ, છેતરપીંડી તેમજ નોંધપાત્ર ખોટી રજુઆતોથી મુકત હોય તેનો સમાવેશ થાય છે.

અમારી જવાબદારી આમારા ઓડીટ પર આધારીત સદરહું નાણાંકીય પત્રકો પર અભિપ્રાય વ્યકત કરવાની છે. અમારૂ ઓડીટ ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડીયા દ્વારા જારી કરેલ ઓડીટનાં ધારા ધોરણો અનુસાર કરેલ છે. આ ધારા ધોરણો અનુસાર એ આવશ્યક છે કે અમો અમારાં ઓડીટનું આયોજન અને તેનું અમલીકરણ નૈતિક જરૂરીયાતોનું પાલન કરીને, આ નાણાંકીય પત્રકો નોંધપાત્ર ખોટી રજુઆતોથી મુકત છે તે અંગેની વ્યાજબી ખાત્રી મેળવીએ.

ઓડીટમાં નાણાંકીય પત્રકમાં સમાવિષ્ટ રકમ તથા જાહેર કરવા વિશે ઓડીટના પુરાવા મેળવવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે. આવી કાર્યવાહીની પંસદગી ઓડીટરના નિર્ણયો તેમજ નાણાંકીય પત્રકોમાં નોંધપાત્ર ખોટી રજુઆતો હોવાના જોખમ કે જે ભુલ કે છેતરપીંડીથી થયેલ હોય તેના ઉપર આધારીત છે. આ રીત ની આકરણી કરતી વખતે ઓડીટર, ઓડીટ કાર્યવાહીની રૂપરેખા તૈયાર કરવા માટે, સંઘ દ્વારા નાણાંકીય પત્રકો બનાવવાં માટેનાં તથા તેની વ્યાજબી રજુઆત માટેનાં, આંતરિક અંકુશોને ધ્યાનમાં લે છે. ઓડીટમાં આ રીતે નાણાંકીય પત્રકો માટેની નાણાંકીય નીતીઓની સમીક્ષા તથા મેનેજમેન્ટ દ્વારા કરેલા નાણાંકીય અંદાજોનું વ્યાજબીપણું તેમજ સમગ્ર નાણાકિય પત્રકોની પ્રસ્તુતીની સમીક્ષાનો સમાવેશ થાય છે.

અમો માનીએ છીએ કે, અમારા ઓડીટ અભિપ્રાયના આધાર માટે અમોએ મેળવેલ પુરાવાઓ પુરતા અને યોગ્ય છે.

### અન્ય કાનુની અને નિયમનકારી જરૂરીયાતો પર રિપોર્ટ :

(અ) અમો એ અમારી જાણકારી અને માન્યતા શ્રેષ્ઠ કરવા માટે જરૂરી એવી બધી માહિતીઓ અને ખુલ્લાસાઓ મેળવ્યા છે.
(બ) અમારા પરીક્ષણ દરમ્યાન સંઘે કાયદા અનુસાર જરૂરી હોય તેવા નાણાંકીય પત્રકો રાખ્યા છે.
(ક) પાકું સરવૈયુ, વેપાર અને નફા નુકશાન ખાતું તેમજ રોકડ પ્રવાહ પત્રક નાણાંકીય પત્રકો સાથે મેળવી શકાય છે.
(ડ) અમારા મતે, આ સાથે સામેલ ''એનેક્ષર–અ'' માં '' નાણાંકીય '' ધોરાણો ને લગતી હિસાબી પધ્ધતિઓ અંગેની નોંધ ને આધીન જણાવીએ છીએ કે સંઘના પાકું સરવૈયુ, વેપાર અને નફા નુકશાન ખાતુ તેમજ રોકડ પ્રવાહ પત્રક ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડીયા (**ICAI**) દ્વારા દર્શાવેલ નાણાંકીય ધોરણનું (**Accounting Standard**) મુજબ પાલન થાય છે.

### અભિપ્રાય :

અમારી જાણકારી અને માહિતી મુજબ તેમજ અમને મળેલ ખુલાસાઓ અનુસાર તથા અમારા દ્વારા અપાયેલ ''નાણાંકીય પત્રકો તૈયાર કરવાના આધાર'' તથા અમારી અલગ ''ઓડીટ નોંધ'' ને આધિન રહીને નાણાંકીય પત્રકો સાચાં અને વ્યાજબી ખ્યાલ દર્શાવે છે.


(અ) સંઘનું પાકું સરવૈયું તા. ૩૧/૦૩/૨૦૨૫ નાં રોજની સાચી અને વ્યાજબી આર્થિક પરિસ્થિતી રજુ કરે છે.
(બ) સંઘનું નફા નુકશાન ખાતું તા. ૩૧/૦૩/૨૦૨૫ નાં રોજ પુરા થતા વર્ષનો સાચો અને વ્યાજબી નફો રજુ કરે છે.
(ક) સંઘનું રોકડ પ્રવાહ પત્રક તેના વર્ષ દરમ્યનના રોકડ ઉથલાનો સાચો અને વ્યાજબી પ્રવાહ રજુ કરે છે.

કર્મા એન્ડ કું એલ.એલ.પી (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ)
સી.એ રાકેશ જે. કોટડીયા–પાર્ટનર
પેઢી નોંધણી નં. ૧૨૭૫૪૪W / W૧૦૦૩૭૬
સં.નં ૧૨૪૧૩૪ પેનલ નં SUR/CA FIRM/15, સુરત
સર્ટીફાઈડ ઓડીટર (સહકારી મંડળીઓ)
UDIN : 25124134 BMLHYL7501
તારીખ : ૨૪/૦૭/૨૦૨૫ સ્થળ: સુરત

શ્રી ડી. એમ. પટેલ
સ્પેશયલ ઓડીટર (મીલ્ક)
મીલ્ક ઓડીટ ઓફિસ, સુરત.


## MILK PROCUREMENT (kgs) FROM 1996-1997 To 2024-2025

### દૂધ સંપાદન (કિ.ગ્રા.) ૧૯૯૬-૧૯૯૭ થી ૨૦૨૪-૨૦૨૫




# MILK SALE (LITERS) FROM 1996-1997 To 2024-2025

## દૂધ વેચાણ (લીટર) ૧૯૯૬-૧૯૯૭ થી ૨૦૨૪-૨૦૨૫




## MILK PROCUREMENT (kgs) V/S. MILK SALE (LITER) 2024-2025

દુધ સંપાદન (કિ.ગ્રા.) /દુધ વેચાણ (લીટર) ૨૦૨૪-૨૦૨૫



# TALUKA WISE MILK PROC. (LITERS) V/S CATTLE FEED SALE (KGS.) 2024-2025

## તાલુકા પ્રમાણે દૂધ સંપાદન (લીટર) /દાણ વેચાણ (કિ.ગ્રા.) ૨૦૨૪-૨૦૨૫






સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી SGCCI અનેગોલ્ડન જયુબીલી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા આયોજીત એવોર્ડ સમારોહમાં સ્વીકારતા સુમુલ ડેરીના મેનેજીંગ ડિરેકટર સી.એ અરૂણભાઈ એચ. પુરોહિત.ને વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે શ્રેષ્ઠ સી.ઈ.ઓ કમ મેનેજીંગ ડિરેકટર માટે શ્રીમતી ભવાનીબેને એન. મહેતા એવોર્ડ.




સુમુલ ડેરીના ચલથાણ યુનિટ સુમુલ ફુડ ફેકટરીને સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી SGCCI અને ગોલ્ડન જયુબીલી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા કલર ટેકસ એવોર્ડ કેટેગરીમાં ઉર્જા સંરક્ષણમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે એવોર્ડ સ્વીકારતા સુમુલ ડેરીના પ્રમુખશ્રી માનસિંહભાઈ કે. પટેલ અને નિયામંક મંડળના સભ્યાશ્રીઓ.




રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ એવોર્ડ-૨૦૨૪ પ્રસંગે દેશના ઉપરાષ્ટ્રપતિ શ્રીમાન જગદિપ ધનખડ ની સાથે સુમુલ ડેરીના પ્રમુખ શ્રી માનસિંહભાઈ કે. પટેલ તથા અન્ય પુરસ્કાર વિજેતાઓ
સ્થળ : વિજ્ઞાન ભવન, નવી દિલ્હી, તા. ૧૪-૧૨-૨૦૨૪.




IDA દ્વારા આયોજીત "ગ્લોબલ માર્કેટ ઓપોર્ચ્યુનિટી ફોર ઈન્ડિયન ડેરી સેકટર" વિષય પર સેમીનાર પ્રસંગે દિપ પ્રગટાવતા ફેડરેશન (GCMMF) ના પ્રમુખશ્રી શામળભાઈ બી. પટેલ અને સુમુલ ડેરીના પ્રમુખશ્રી માનસિંહભાઈ કે. પટેલ તથા ઈન્ડીયન ડેરી એસોસીયેશન ના પ્રમુખશ્રી આર. એસ. સોઢી.
સ્થળ : બોમ્બે એકઝીબીશન સેન્ટર, મુંબઈ. તા ૦૫-૦૬-૨૦૨૪.

**સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
પો.બો.નં. ૫૦૧ સુમુલ ડેરી, સુરત – ૩૯૫ ૦૦૮ (ગુજરાત)
ફોનં : ૦૨૬૧ ૨૫૩૭૬૯૩/૬૭૧૦૨૦૦, E-mail : root@sumul.coop Web : www.sumul.com